# પ્રબુદ્ધ નારીઓ આગળ આવે



# પ્રબુદ્ધ નારીઓ આગળ આવે

: સંકલન-સંપાદન :
વિચારક્રાંતિ અભિયાન

: પ્રકાશક :
યુગનિર્માણ યોજના
ગાયત્રી તપોભૂમિ, મથુરા.
શાખા : અમદાવાદ

: પ્રાપ્તિસ્થાન :
ગાયત્રી જ્ઞાનપીઠ
પાટીદાર સોસાયટી, જૂના વાડજ,
અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન : ૨૭૫૫૭૨૫૨

૨૦૦૫ કિંમત રૂા. ૫.૦૦

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# આત્મીય-અનુરોધ

યુગઋષિ પરમપૂજ્ય ગુરુદેવ પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ એકવીસમી સદીને નારી સદી કહીને જાગૃત નારીઓને પોતાના વર્ગની સાથેસાથે સમાજના પુનરુત્થાનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવા માટે આહ્‌વાન કર્યું છે. આ નારી-જાગરણની વેળા છે. આ સમય એકવીસમી સદીનું બ્રાહ્મમુહૂર્ત છે. ઋષિસત્તાએ આપણને પોકાર્યા છે, કે યુગદેવતાનો પોકાર સાંભળીને તે પ્રમાણે કાર્ય કરીએ તથા શ્રેય-સન્માન મેળવવાનો સુઅવસર પ્રાપ્ત કરીએ. જાતીય સન્માનની રક્ષા તેમ જ ઉત્થાન માટે ઈશ્વર-પ્રદત્ત વિભૂતિઓનું નિયોજન કરીને રાષ્ટ્રદેવતાનાં ચરણોમાં શ્રદ્ધા-સુમન સમર્પિત કરવાં જોઈએ.

પ્રસ્તુત પુસ્તક યુગઋષિના વિચારો દ્વારા પ્રસુપ્ત  પરંતુ પ્રાણવાન તેમ જ શ્રદ્ધાવાન બહેનોમાં પ્રબળ પ્રાણતત્ત્વનો સંચાર કરશે, તેમનામાંથી આળસ, પ્રમાદ તથા નિદ્રાને દૂર કરીને યુગનો પોકાર સાંભળવા માટે વિવશ કરશે. સંપન્ન અને દાનવીર બહેનોએ આ પુસ્તક વધુ ને વધુ સંખ્યામાં મંગાવી પોતાના પરિકરની સમર્થ, યોગ્ય તથા ભાવનાશીલ બહેનોને આપવું તેમ જ વંચાવવું જોઈએ. મહિલા ગોષ્ઠિઓ તથા સંમેલનોમાં આ પુસ્તક સૌને વહેંચવું જોઈએ. આ પુસ્તક પ્રત્યેક જાગૃત નારીના હાથમાં જોવા મળે એવો પ્રયાસ થવો જોઈએ. મહિલા જાગરણનો ઉદ્‌ઘોષ કરવામાં આવી રહ્યો છે. આ આંદોલન પશ્ચિમના 'વીમેન લિબ' કરતાં સદંતર જુદું છે. બહેનોએ સંગઠન બનાવીને આ આંદોલન સંપૂર્ણ શક્તિથી ચલાવવું જોઈએ, જેથી મહિલા ઉત્થાનની આંધીનો સૌ કોઈને આભાસ થઈ શકે. પુસ્તકના અંતમાં આપેલ સંકલ્પ-પત્ર ભરીને દરેક બહેનોએ અહીં મોકલી આપવું, જેથી અવારનવાર પ્રેરણા, પ્રોત્સાહન તેમ જ માર્ગદર્શન મળી શકે. 'યુગશક્તિ ગાયત્રી' માસિક દરેક બહેનોએ અવશ્ય વાંચવું જોઈએ, જેથી દિશાધારાની જાણકારી મળતી રહે.

**વ્યવસ્થાપક**

**યુગ નિર્માણ યોજના, મથુરા.**

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પ્રબુદ્ધ નારીઓ આગળ આવે

જ્યારે સૃષ્ટિના સર્જનનો આદિક્રમ શરૂ થયો, ત્યારે દેવો અને દાનવો કરતાં પણ વધારે બળ અને શક્તિ મનુષ્યને પ્રાપ્ત થયાં. વિદ્યા, બુદ્ધિ, ધન, વૈભવ વગેરેમાં મનુષ્ય જ અગ્રણી હતો. જ્યારે પણ તે ઈચ્છા કરતો, ત્યારે દાનવો તથા દેવતાઓને પરાસ્ત કરી શકતો. માનવની શક્તિથી તે દિવસોમાં સૌ કોઈ ભયભીત રહેતા હતા.

એક દિવસ દેવો અને દાનવોએ ભેગા મળી સૃષ્ટિકર્તા બ્રહ્માજીને ફરિયાદ કરી - 'તમે મનુષ્યને એટલો બધો સશક્ત બનાવ્યો છે, કે તે બધાને ભયભીત રાખે છે. તેની શક્તિ આગળ કોઈનુંય ચાલતું નથી. સમસ્ત ધરતીનો વૈભવ તેના હાથમાં છે. અમે માત્ર તેના આશ્રિત જ રહી ગયા છીએ. અમને એવો અધિકાર આપો કે જેથી અમે સ્વતંત્ર રીતે જીવી શકીએ, મનુષ્યથી ડરવાની મુશ્કેલીનો આપ જ અંત લાવી શકો છો.'

બ્રહ્માજીએ વિચાર કર્યો અને જવાબ આપ્યો- 'જ્યાં સુધી મનુષ્યને નારીની શક્તિ મળતી રહેશે, ત્યાં સુધી તે અજેય છે અને અજેય રહેશે. હું તેના માટે કંઈ કરી શકું તેમ નથી.' દેવો અને દાનવો ચાલ્યા ગયા. સમય જતાં મનુષ્ય અહંકારથી ફુલાઈને નારીશક્તિની ઉપેક્ષા કરવા લાગ્યો, ત્યારથી જ મનુષ્ય અશક્ત બની ગયો અને દેવો-દાનવો પ્રબળ થતા ગયા.

સામાજિક સંગઠન અને ઉન્નતિની પ્રેરક નારી જ છે. દેશનું સૌભાગ્ય, યશ અને લક્ષ્મી પણ તે જ છે. જે દેશ અને જાતિમાં નારીનું પૂજનીય સ્થાન હોય છે, તે જ દેશ અને જાતિ ગૌરવ પ્રાપ્ત કરે છે, મસ્તક ઊંચું રાખીને, સ્વાભિમાન સાથે અમર રહે છે.

**બ્રહ્માપરં યુજ્યતાં બ્રહ્મ પૂર્વ બ્રહ્માંતતો મધ્યતો બ્રહ્મ સર્વતઃ ।**
**અનાવ્યાધાં દેવપુરાં પ્રપદ્ય શિવા સ્યોના પતિલોકે વિ રાજ ॥**

- અથર્વવેદ ૧૪-૧-૬૪



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

'હે મનુષ્ય! પત્નીની પાછળ બ્રહ્મ (ઉચ્ચતા, મહાનતા) હોય, આગળ બ્રહ્મ હોય અને વચ્ચે પણ બ્રહ્મ હોય. આવી રીતે સર્વત્ર બ્રહ્મથી ઘેરાયેલી તે પતિના હૃદયમાં રાજ કરે.'

સુપ્રસિદ્ધ વિચારક એરિસ્ટોટલનું કથન છે - 'રાષ્ટ્રની ઉન્નતિ કે અવનતિ નારીની ઉન્નતિ કે અવનતિ પર જ આધારિત છે.'

ભાવ અને ચરિત્રની દૃષ્ટિએ નારી વર્ગ પુરુષ કરતાં ઘણો ઊંચો છે. ગાંધીજીએ કહ્યું છે - 'સ્ત્રી અને પુરુષ બંનેમાં ચરિત્રની દૃષ્ટિએ સ્ત્રીનું સ્થાન વધારે ઊંચું છે, કારણ કે આજે પણ તે ત્યાગ, મૂક તપસ્યા, નમ્રતા, શ્રદ્ધા અને જ્ઞાનની મૂર્તિ છે. પુરુષ પહેલેથી જ અહંકારપૂર્વક એવું માને છે કે સ્ત્રી કરતાં તેનું જ્ઞાન ઘણું વધારે છે, પરંતુ ઘણીવાર તેની સ્વાભાવિક સૂઝબૂજ પુરુષના આ જ્ઞાન કરતાં વધારે સાબિત થઈ છે. રામ પહેલાં સીતા અને કૃષ્ણ પહેલાં રાધાના નામનો ઉલ્લેખ સ્ત્રી ચરિત્રની પ્રબળતાનું પ્રતીક છે.'

માનવશક્તિનું જાગરણ જ વિશ્વ પરિવર્તનનો આધાર છે. નારી વિધેયાત્મક શક્તિ છે. જે કામ પુરુષ શક્તિ-તાંડવ દ્વારા કરે છે, એ કામ નારી સહજ સ્નેહ, સરળ અને સૌમ્યતાપૂર્વક પૂરું કરી લે છે. યુગ પરિવર્તનનું મહત્ત્વપૂર્ણ પ્રયોજન પૂરું કરવા માટે આ શક્તિને જ જગાડવી જોઈએ, તેને જ વધારવી જોઈએ અને વિશ્વશાંતિ માટે યોગ્ય વાતાવરણ બનાવવા માટે તેની પાસે જ યાચના કરવી જોઈએ. નારી શક્તિને પ્રતિષ્ઠિત-પૂજિત કર્યા સિવાય આપણો ઉદ્ધાર નહિ થઈ શકે. આજે આપણા દેશમાં ઠેર ઠેર અગણિત સમસ્યાઓ છવાયેલી છે. તેને ઉકેલવા માટે દેશની નારીઓ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. વાસ્તવમાં કોઈ પણ ઉત્થાનનો આધાર ત્યાંની મહિલાઓનો ત્યાગ અને તપશ્ચર્યા જ હોય છે.

નારી દેવત્વની મૂર્તિમાન પ્રતિમા છે. નારીની પોતાની ખાસ વિશેષતા છે - તેની આધ્યાત્મિક પ્રવૃત્તિ. દીકરી, બહેન, ધર્મપત્ની તથા માતાના રૂપમાં તે પરિવાર માટે જે રીતે ઉદાત્ત આદર્શોથી ભરેલું જીવન વ્યતીત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરે છે, તે જોઈને એમ કહી શકાય કે પુરુષાર્થ-પ્રધાન નર પોતાની જગ્યાએ બરાબર છે, પરંતુ આત્મિક સંપદાની દૃષ્ટિએ તે નારી કરતાં પાછળ જ રહેશે. પ્રજનનની જવાબદારી ઉઠાવવાના કારણે નારીને શારીરિક દૃષ્ટિએ થોડું દુર્બળ ભલે રહેવું પડતું હોય, પરંતુ આત્મિક અનુભૂતિઓની બહુલતા જોતાં તે ઈશ્વરીય દિવ્ય અનુકંપાની વધારે હકદાર બની છે. પ્રચંડ વેગથી આગળ વધી રહેલો આ નવયુગ નિશ્ચિત રીતે આધ્યાત્મિક માન્યતાઓથી ભરપૂર હશે. માણસોનું ચિંતન અને દૃષ્ટિકોણ તે જ સ્તરનાં હશે, વ્યવસ્થાઓ તથા માન્યતાઓ તે જ બીબામાં ઢળશે. જનસાધારણની રુચિ તે જ દિશામાં વળશે. શાસનતંત્ર, ધર્મતંત્ર, સમાજતંત્ર તથા અર્થતંત્રનું આખું કલેવર તે જ સ્તરનું પુનર્નિર્મિત થશે. આવી સ્થિતિમાં નારીએ દરેક ક્ષેત્રમાં વિશેષ ભૂમિકા નિભાવવી પડશે. વિશેષ જવાબદારીઓ સંભાળવી પડશે, કારણ કે અધ્યાત્મની વિભૂતિઓ તેને જન્મજાત રીતે જ વિપુલ પ્રમાણમાં મળેલી છે.

નવયુગનું નેતૃત્વ નારીઓ જ કરશે, પરંતુ તે પહેલાં પોતાની પાત્રતા સિદ્ધ કરવાની છે, પોતાની શક્તિ-સામર્થ્યનો પરિચય આપવાનો છે. મજબૂત ખભા જ ભાર ઉપાડવામાં સમર્થ બની શકે છે.

## નારી જાગરણની આવશ્યકતા :

નારીની પોતાની એક ગરિમા છે. તે પુરુષની જનની છે. આપણે પરમેશ્વર પછી જો કોઈના વધારે ઋણી હોઈએ, તો નારીના કારણ કે પ્રથમ પરમાત્મા આપણને માનવ જીવન આપે છે, પરંતુ ત્યારબાદ માતૃશક્તિ નારી જ આપણને જીવવાલાયક બનાવે છે. નારી સ્નેહ અને સૌજન્યની દેવી છે. તે પુરુષોની નિર્માત્રી છે. કોઈ પણ રાષ્ટ્રનું ઉત્થાન નારીના ઉત્થાનથી જ થાય છે. આજના સમાજમાં વ્યાપેલી કુરીતિઓના ઉન્મૂલન માટે નારીના સહયોગની ખૂબ જ આવશ્યકતા જણાય છે.

રાષ્ટ્રની ભાવિ પેઢીનું નિર્માણ કરનાર માતા જ છે. સમાજના નિર્માણમાં નારીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા જોતાં તેને મનુષ્ય તરીકે વિકાસ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવાનો સમાન અધિકાર આપવામાં આવે, ત્યારે જ તે ભાવિ પેઢીનું નિર્માણ દૃઢતાપૂર્વક કરી શકશે અને સમાજનું ભવિષ્ય ઉજ્જવળ બની શકશે. સમાજનું અડધું અંગ મહિલાથી બને છે. તે માત્ર પુરુષની જ અર્ધાંગિની નથી, પરંતુ સમાજનું પણ અડધું અંગ છે. સમાજના ઉત્થાન-પતનમાં તેની સમાન ભૂમિકા છે. જો સમાજને ઉન્નત બનાવવો હોય, તો નારીને પણ પુરુષની જેમ શિક્ષિત, સભ્ય અને પ્રબુદ્ધ બનાવવી પડશે. વિચારશીલ, જ્ઞાની, સાહસિક અને આત્મબળ સંપન્ન મહિલા પરિવાર તથા સમાજમાં પોતાની જવાબદારીઓ સારી રીતે નિભાવી શકશે.

શ્રેષ્ઠ વ્યક્તિઓથી જ શ્રેષ્ઠ સમાજ બને છે. આજે સમાજમાં પ્રતિભાશાળી વ્યક્તિઓની અછત જણાય છે. તેના માટે માતૃશક્તિની માનસિક સ્થિતિ જવાબદાર છે. આગામી દિવસોમાં રાષ્ટ્રને પ્રતિભાશાળી મહાપુરુષોની જરૂર પડશે અને તે વર્તમાન પેઢીમાંથી જ નીકળશે. આથી માતૃશક્તિને જાગૃત, સક્ષમ, આત્મબળ સંપન્ન અને યોગ્ય બનાવવાથી જ તેનો સહયોગ મળશે.

નારી પરિવારની સૂત્ર-સંચાલિકા છે. માતા, પત્ની, બહેન, દીકરીના રૂપમાં આ જ ગૃહલક્ષ્મી સમાજને નરરત્નો પ્રદાન કરે છે. સમાજને સ્વર્ગ બનાવવું એ નારીના હાથમાં છે. સૃષ્ટિ ઈશ્વરે બનાવી છે, પણ નારી પરિવારને સ્વર્ગ બનાવે છે તથા પોતાની કૂખેથી દેવમાનવો પેદા કરે છે. ધરતી માતા અનાજ ઉગાડી શકે છે, પરંતુ તે માણસ પેદા કરી શકતી નથી. નારી એ સૃષ્ટિના સર્જનહારની સર્વશ્રેષ્ઠ કૃતિ છે. તેની વિશેષતાઓ ગણાવીએ તો આખી માનવજાતિ તેના ઉપકારોના ભાર નીચે દબાઈ જશે. ત્યાગ, પ્રેમ, સ્નેહ, સન્માન, સહયોગ તથા સહનશીલતા નર કરતાં નારીમાં વધારે છે. આખો પરિવાર અને સમાજ નારીના સહયોગ અને સેવાથી જ ગતિશીલ છે. સ્રષ્ટાની સહયોગી શક્તિનું નામ નારી છે.

કન્ફયુશિયસનું કથન છે - 'સમાજને સુધારવો હોય તો પરિવારોને સુધારો અને પરિવારનો સુધાર તથા સુસંસ્કૃત પરિવારનું નિર્માણ સારી માતાઓ જ કરી શકે છે.'



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સુસંસ્કૃત પરિવારની ધરી છે - પ્રગતિશીલ અને સુસંસ્કૃત નારી. હજાર વાર ધ્યાન આપવા જેવી વાત એ છે, કે પુરુષ અર્થ ઉપાર્જન તથા સુવિધા-સાધનો પ્રાપ્ત કરવાની વ્યવસ્થા કરી શકે છે, પણ ઘરમાં સ્વર્ગીય વાતાવરણ પેદા કરવાની તેની સ્થિતિ નથી. નથી સમય, નથી અનુભવ, નથી ભાવના, નથી કળા કે નથી તો ઉદારતા. આ બધાં આધારો વગર પરિવાર સંસ્થાનું ભાવનાત્મક નવનિર્માણ સંભવ બની શકે નહિ.

ભાવિ પેઢીનું શરીર સારા ખોરાકથી અને મસ્તિષ્ક સારા શિક્ષણથી વિકસિત કરવામાં આવે છે, પણ ચરિત્ર તથા સંસ્કારયુક્ત દષ્ટિકોણનું નિર્માણ પરિવારરૂપી પાઠશાળામાં નારીના શાલીન શિક્ષણ વગર બીજી કોઈ રીતે સંભવ બની શકે નહિ.

નારી જાગરણનો ઉદ્દેશ્ય પૂરો કરવા માટે પાંચ સૂત્રી કાર્યક્રમ (નારી ઉત્થાનનો ઘોષણાપત્ર) : ૧. માનવ સમાજમાં ન્યાયને જીવંત રાખવો, ૨. પરિવારોમાં શાલીનતા ઉત્પન્ન કરવી, ૩. ભાવિ પેઢીને સમુન્નત બનાવવી, ૪. સર્વતોમુખી આર્થિક પ્રગતિમાં સહયોગીની ભૂમિકા નિભાવવી, ૫. સદ્‌ભાવ અને સદ્‌પ્રવૃત્તિના અભિવર્ધનનો આધાર ઊભો કરવો.

## નારી ઉત્થાન કેવી રીતે થાય ?

નારીની સંવેદના, ક્ષમતા, યોગ્યતા અને આત્મબળ કેવી રીતે વધારી શકાય તેના ઉપાયો શોધવાના છે. મનોબળ વધારવાના ઉપાયો પણ કરવા પડશે. તેને મૌલિક અધિકારો, શિક્ષણ, સ્વાસ્થ્ય, સ્વાવલંબન તથા સન્માન માટેની સુવિધાઓ મળવી જોઈએ. પ્રચારાત્મક, રચનાત્મક, સુધારાત્મક તથા સંઘર્ષાત્મક ઉપાયો કરવાના છે. તેના દ્વારા જ અજ્ઞાન, અસન્માન અને ઉપેક્ષા દૂર થશે. એક સુસંસ્કૃત અને વિકસિત માતા, સન્માનિત બહેન-દીકરી બનશે. નારીને તેનું ખોવાયેલું વર્ચસ્વ પાછું મળશે, અવાંછનીયતામાંથી મુક્ત થશે, પરિવાર તથા રાષ્ટ્ર માટે કંઈક કરવાની ક્ષમતા ધરાવશે. પોતાની જાતને ઓળખીને તે ઊંચે ઊઠશે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પૂર્વાગ્રહો છોડવા માટે તૈયાર થશે. અર્થોપાર્જન દ્વારા પોતાની તથા રાષ્ટ્રની પ્રગતિમાં સહાયક બનશે અને પોતાના વર્ગ પ્રત્યેની ચેતના જાગશે, તો બીજી બહેનોને પણ સમર્થ બનાવશે.

સામાજિક જવાબદારીઓનો ભાર નારી જ ઊઠાવે છે. એક શિલ્પકારની જેમ સંતાનને ઘડે છે. મા, પત્ની, બહેન તથા દીકરીના રૂપમાં પ્રેમ, સમર્પણ, ત્યાગ અને સ્નેહ આપે છે.

પરમપૂજ્ય ગુરુદેવે એકવીસમી સદીને 'નારી સદી' ગણાવીને નારી જાતિને પોતાના વર્ગની સાથેસાથે સમાજના પુનરુત્થાનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવા માટે આહ્વાન કર્યું છે. આ સમય નારી જાગૃતિનો છે. જે બહેનો આ યુગસંધિની વિષમ વેળામાં પોતાના સમયને નકામાં કાર્યોમાં નષ્ટ કરશે, તેમણે પાછળથી પસ્તાવું પડશે કે યુગઋષિએ આપણને સમય પર બોલાવ્યા, પણ આપણે તેમની ચેતવણી પર ધ્યાન ન આપ્યું.

નવજાગરણની દિશામાં નારીએ ઘણી મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની છે, એ વાતનો અસ્વીકાર કરી શકાય તેમ નથી. હવે નારીની દિવ્ય ક્ષમતાઓને કસોટી પર કસવાની ઘડી આવી પહોંચી છે. આ કસોટી પર નારી ખરી પણ ઊતરશે, ભલે તે માટે તેણે બેવડો શ્રમ કરવો પડે ! તેણે લાંબા સમય સુધી બંધનોમાં જકડાઈ રહેવાથી પેદા થયેલા પછાતપણામાંથી મુક્તિ મેળવીને પોતાની યોગ્યતાઓ અને ક્ષમતાઓનો વિકાસ કરવો પડશે અને નવ-નિર્માણની ભૂમિકા બનાવવા માટે મદદ કરવી પડશે. પોતાના વિકાસ માટે પોતે પોતાની જાત સાથે સંઘર્ષ કરવો પડશે તથા માર્ગમાં અવરોધ ઊભો કરનાર પરિવાર અને સમાજમાં ફેલાયેલી રૂઢિઓનો સામનો કરવો પડશે. આ બધું અઘરું જરૂર છે, પરંતુ નારી તે અવશ્ય કરી શકશે. મહાકાલે તેને જે કાર્ય સોંપ્યું છે, તેને તે પોતાની જન્મજાત દિવ્ય ક્ષમતાઓની મદદથી નિશ્ચિતપણે પૂરું કરી શકશે. વિચારશીલ પુરુષ વર્ગનું પણ પૂર્ણ સમર્થન અને સહયોગ તેને મળવાં જોઈએ અને તે મળશે પણ ખરાં.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નારી જાગરણની આ પુણ્ય વેળાએ દરેક ભાવનાશીલ મહિલાએ સક્રિય થવું જોઈએ. ઈચ્છિત પરિવર્તન માટેનું એક પાસું છે - સંઘર્ષ અને બીજું છે - સર્જન. આપણે આ બંને મોરચે પોતાના વર્ચસ્વનો પરિચય આપવો જોઈએ. આ સાહસની મદદથી જ નારી માટે પોતાના તથા સઘળી માનવતાના ઉજ્જવળ ભવિષ્યનું નવનિર્માણ કરવાનું સંભવ થઈ શકશે.

નારી જાગરણ અભિયાનને આંધી-તોફાનની જેમ ફેલાવી દેવું એ સમયનો પોકાર છે. તેને દાવાનળની જેમ ઝડપી અને ગગનચુંબી બનાવવું જોઈએ. નારી અગ્રિમ મોરચા પર ઊભી જરૂર રહેશે, પરંતુ તેને સફળ ભૂમિકા નિભાવી શકવા યોગ્ય સ્થિતિએ પહોંચાડવા માટે પુરુષે તેમના ઘરની સ્ત્રીઓને આગળ વધારવી પડશે. પ્રોત્સાહન, પ્રશિક્ષણ, માર્ગદર્શન તથા તક આપવાથી લઈ સાધનો ઉપલબ્ધ કરાવી આપવા સુધી તેને પડદા પાછળ રહીને પૂરેપૂરો સહયોગ આપવો જોઈએ. નારી પુનરુત્થાનની જરૂરિયાત તથા ઉપયોગિતા જનસાધારણના મગજમાં ઠસાવવા તથા તેને પદદલિત સ્થિતિમાં રાખવાથી થતા નુકસાન અંગે સમજાવવા માટે એટલું મોટું પ્રચારતંત્ર ઊભું કરવું પડશે, કે જે શિક્ષિત અને અશિક્ષિત, નર અને નારી બધાને વસ્તુસ્થિતિ સમજાવી શકે.

પોતાના ઘર-પરિવારમાં જે મહિલાઓ આ અભિયાનમાં કંઈક યોગદાન આપી શકે એમ હોય, તેમને વસ્તુસ્થિતિ સમજાવીએ, કંઈક કરવા માટે ઉત્સાહ પેદા કરીએ અને તે માટેની તક આપીએ કે જેથી આ આંદોલનનાં કાર્યો માટે થોડોક સમય ફાળવી શકે. મહિલા જાગરણનું કાર્ય એટલું મહત્ત્વપૂર્ણ છે કે સંઘશક્તિનો ઉદય કર્યા વિના બીજી કોઈ શક્તિથી તે શક્ય નહિ બની શકે. વિચારશીલ વ્યક્તિઓએ વિચારવું જોઈએ, કે જ્યાં સુધી નારીઓને ઘરનાં કામોમાંથી ફુરસદ આપવામાં નહિ આવે, ત્યાં સુધી નારી ઉત્થાનનું આ કાર્ય નહિ થઈ શકે. જે મહિલાઓ સંરક્ષક વગર કદી ઘરની બહાર નીકળી નથી, તેઓ ઘેર ઘેર જઈ સંગઠનનું કાર્ય કેવી રીતે કરશે ? પછી જે ઘરોમાં જશે, ત્યાં શંકાની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નજરે જોવામાં આવશે. આ રીતે ઘરના લોકોની નારાજગીનું કારણ પણ બનશે. આથી પુરુષ વર્ગે પોતાના ઘરની સ્ત્રીઓ સાથે સંકોચ છોડવા માટે ચર્ચા ચલાવવી જોઈએ. ઘરની વહુ-દીકરીઓને ધીરેધીરે ઘરમાંથી બહાર જવાની અનુમતિ તથા પ્રોત્સાહન આપવાં જોઈએ. પોતાના ઘરની મહિલાઓને સાપ્તાહિક સત્સંગમાં ભાગ લેવા માટેની સુવિધા આપવી જોઈએ. આથી પુરુષ વર્ગે પણ નારી જાગરણના આ કાર્યને પોતાનું કાર્ય સમજીને ઉમંગ-ઉત્સાહ સાથે આગળ વધારવું જોઈએ.

દેશવ્યાપી, વિશ્વવ્યાપી મહિલા જાગરણ અભિયાન ચલાવવા માટે તેનું સંગઠનાત્મક માળખું ઊભું કરવું જરૂરી છે. સંગઠન માટેના પ્રારંભિક પ્રયાસોમાં (૧) સાપ્તાહિક સત્સંગની નિયમિતતા, (૨) મહિલા સભ્યના ઘરે જઈ જન્મદિવસ, સંસ્કાર, પર્વ, કથા વગેરેનું આયોજન કરીને પરિવાર નિર્માણનું પ્રશિક્ષણ, (૩) પ્રૌઢ મહિલા પાઠશાળા તથા બાળસંસ્કાર શાળાનો શુભારંભ - આ ત્રણ કાર્યો મુખ્ય રાખવામાં આવ્યાં છે. જ્યાં આ ક્રમ શરૂ થઈ જશે, ત્યાં બૌદ્ધિક ક્રાંતિ, નૈતિક ક્રાંતિ તેમ જ સામાજિક ક્રાંતિની દિશામાં બીજા મહત્ત્વપૂર્ણ પ્રચારાત્મક, રચનાત્મક પગલાં ઉઠાવવામાં આવતાં રહેશે.

નારી પ્રગતિના નામે થોડું-ઘણું કામ થયું તો જરૂર છે, પરંતુ તેને દિશા ન મળવાથી ઉચ્છૃંખલતામાં જ વધારો થયો છે. શિક્ષણ તો વધ્યું છે પણ તેની સાથેસાથે ફેશન, શ્રમ કરવામાં અરુચિ તથા શાલીનતાની ઉપેક્ષા જેવા દોષ-દુર્ગુણો ઉમેરાઈ ગયા. પરિણામે શિક્ષણના વધારાથી જે લાભ મળવો જોઈએ, તે લાભ મળી ન શક્યો. શિક્ષિત નારીએ પોતાના વર્ગની પ્રગતિ માટે કંઈક તપ-ત્યાગ કરવાં જોઈતાં હતાં, પણ દિશા ન મળવાના કારણે એવું દર્દ તેના દિલમાં પેદા થઈ ન શક્યું. શિક્ષિત નારી પોતાના વ્યક્તિગત સુખ-સુવિધા વધારવા સુધી જ સીમિત થઈ ગઈ છે.

આજની શિક્ષિત નારીના ખભા પર બેવડી જવાબદારી આવી પડી છે. પહેલું તો તેણે પોતાના અસ્તિત્વને ગળી જવા ઈચ્છતાં નિરર્થક બંધનો,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વર્જનાઓ અને રૂઢિઓને તોડવાનાં છે. બીજું, પોતાની બહેનોને જગાડવાની છે. તેમની સૂતેલી શક્તિને જગાડવાની છે. તે જાગૃત થયા સિવાય નારી ઉત્થાન એટલે કે સમાજ ઉત્થાન અસંભવ છે.

નારી જેના વગર સમાનતાના સ્તરે પહોંચી શકે તેમ નથી તેવો પોતાનો ખોવાયેલો આત્મવિશ્વાસ કેવી રીતે પાછો મેળવે, તેના માટે તેણે ઘણો મોટો સંગ્રામ ખેલવો પડશે. ઘણા બધા મોરચે પોતાની શક્તિ લગાવવી પડશે. આ મુક્તિ સંગ્રામનો શંખનાદ કોણ કરે? સેના, હથિયાર અને સૈન્ય સંચાલનની મહત્ત્વપૂર્ણ જવાબદારી કોણ નિભાવે? આ બધા પ્રશ્નોનો એક જ જવાબ છે - આજની શિક્ષિત નારી જ આ જવાબદારી ઉઠાવી શકે છે.

પુરુષોના ભરોસે બેસી રહેવા કરતાં જો આપણા સમાજની શિક્ષિત મહિલાઓ જાતે આગળ આવે તો નારી જાતિને રૂઢિવાદિતાની સંકીર્ણતામાંથી, અંધપરંપરાઓની કેદમાંથી, અશિક્ષિતતા અને અજ્ઞાનના અંધકારમાંથી સરળતાપૂર્વક ઉગારી શકાય છે. પરિસ્થિતિઓ તેમની તરફેણમાં છે. ન્યાય તેમની સાથે ચાલી રહ્યો છે. માત્ર તેમના પોતાના સાહસનો જ સવાલ છે.

શાળા અને કોલેજનું શિક્ષણ મેળવ્યું હોય તેને જ શિક્ષિત કહેવાય એવું નથી. આમાં એવી મહિલાઓનો પણ સમાવેશ થાય છે કે જેઓ ભણેલી-ગણેલી તો ઓછી છે, પરંતુ જેમના હૃદયમાં નારી કલ્યાણ માટેનો જ્વાળામુખી ભભૂકી રહ્યો છે. રાષ્ટ્રીય સ્વતંત્રતા આંદોલનમાં ભણેલી-ગણેલી મહિલાઓ ઉપરાંત સામાન્ય સ્ત્રીઓએ પણ આંદોલનને સક્રિય રાખવામાં પૂર્ણ સહયોગ આપ્યો હતો. નવજાગરણને મહત્ત્વ આપતી નારીઓને પણ સાથે રાખવામાં આવે, પછી ભલે તે શાળામાં બે-ચાર ધોરણ પણ ન ભણી હોય તેથી શું?

કેટલીક મહિલાઓ મોટા વહીવટી અધિકારીઓના પરિવારો સાથે જોડાયેલી હોય છે. તેમને અધ્યાપક, ડૉક્ટર કે અન્ય વહીવટી સેવાઓમાં મોટાંમોટાં પદ સહેલાઈથી મળી જતાં હોય છે. તેમની સામે જીવન નિર્વાહની કોઈ ખાસ સમસ્યાઓ હોતી નથી. મધ્યમ વર્ગની મહિલાઓ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શાળામાં શિક્ષિકા, કચેરીઓમાં કારકુન, કંપનીઓમાં ટાઈપિસ્ટ વગેરે પદ પર કાર્ય કરતી હોય છે, જેમના ખભા પર બેવડો ભાર હોય છે. એક બાજુ નોકરીની જવાબદારી તો બીજી બાજુ ઘર, સંતાન, પતિ વગેરેની જવાબદારી હોય છે. આવી સ્થિતિમાં તેમને જીવનની કઠોર સ્પર્ધા તથા મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એવી શિક્ષિત મહિલાઓ, જે ગૃહસ્થ જીવનમાં વ્યસ્ત છે તેમનું સામાજિક જીવન નગણ્ય જ માની શકાય, કારણ કે તેમને ફક્ત તેમના ઘર-સંતાન અને પતિથી જ મતલબ હોય છે. એવી મહિલાઓ, કે જે ભણેલી ગણેલી તો ખૂબ ઓછું છે પણ કંઈક કરી છૂટવા માટેની તમન્ના ધરાવે છે. આ વર્ગીકરણના આધારે મહિલાઓનું રાષ્ટ્રીય સંગઠન તૈયાર કરવામાં આવે તો રાષ્ટ્રીય સ્તરે નારી પોતાની બહેનોનું કલ્યાણ કરવા માટે યોગદાન આપી શકે છે, કારણ કે નારી જાગરણ માટેના છૂટાછવાયાં આંદોલનો તો ઘણાં બધાં થયાં છે અને થઈ રહ્યાં છે, પરંતુ તેમનો સંબંધ કલબ, મંચ, સંસ્થાની શોભા તથા મોટા ઘરોની સ્ત્રીઓના સન્માન અને શોખ પૂરા કરવા સુધીનો રહ્યો છે. ઉપરાંત જ્યાં સુધી સમગ્રરૂપે કોઈ આંદોલન ફેલાતું નથી, ત્યાં સુધી સમગ્ર દેશમાં કોઈ ક્રાન્તિ આવી રહી છે તેની ખબર પડતી નથી. આથી રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં જ મહિલા જાગરણ અભિયાન ચલાવવું જોઈએ, એમાં જ નારી વર્ગનું કલ્યાણ છે.

વ્યાપક નારી જાગરણ માટે શિક્ષિત મહિલાઓનો ઉપયોગ થવો જોઈએ. ધનાઢ્ય, ભણેલી-ગણેલી મહિલાઓ સમયના પોકારને સાંભળીને પોતાના અહંકારને છોડે અને પોતાનાં સુખ-સુવિધાને ઓછાં કરીને તે બચેલી રકમનો ઉપયોગ મહિલાઓના કલ્યાણ માટે સમર્પિત કરવા આગળ આવે. નારી સંગઠન તથા જાગરણમાં બહુમુખી મહત્ત્વપૂર્ણ યોગદાન એવી જ મહિલાઓ આપી શકે છે કે જે અધ્યાપક, ડૉક્ટર કે અન્ય વહીવટી ઉચ્ચ સ્થાન પર બેઠેલી છે. જે મહિલાઓ બેવડી જવાબદારીઓથી બંધાયેલી છે, તેમની પાસે સમયનો અભાવ છે, પરંતુ પોતાની બહેનોની પ્રગતિ માટે તેઓ પણ આગળ આવે. શિક્ષિત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મહિલાઓ પોતાના ક્ષેત્રમાં જ્યાં પણ હોય, ત્યાં મહિલાઓના ઉત્થાન માટે કાર્ય કરે. તેઓ એવી મહિલાઓનો સહયોગ જરૂર લે, કે જે ઓછું ભણેલી હોવા છતાં પણ પોતાની અંદર સેવા કરવાની ઈચ્છા ધરાવે છે.

સામાન્ય ભારતીય નારી એ પણ નથી જાણતી કે તેના કલ્યાણ માટે ક્યા ક્યા કાયદાઓ બન્યા છે ? તેમને ક્યા અધિકારો મળ્યા છે તથા તેમને કઈ સુવિધાઓ આપવા માટે ક્યા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ? આવી જાણકારીઓ નારી સમાજમાં પહોંચાડવી જોઈએ અને તેમને બદલાયેલી પરિસ્થિતિથી માહિતગાર કરવી જોઈએ. આજે રાષ્ટ્રીય સ્તરે મહિલાઓ માટે ઘણું બધું કરી રહી છે અથવા કરી શકે છે તેવી સંસ્થાઓ સાથે સંપર્ક સાધીને સંપૂર્ણ રૂપરેખા તૈયાર કરવી જોઈએ.

જાગૃત નારીએ આગળ આવીને નવયુગનો સંદેશ સંભળાવવા માટે સામે ચાલીને ગામેગામ, મહોલ્લે-મહોલ્લે, ઘેરઘેર જવું પડશે, ત્યારે જ લાંબા સમયથી સૂતેલી સુષુપ્ત નારીમાં ચેતનાનો સંચાર થશે. સૌથી પહેલાં તે શિક્ષણને પોતાના હાથમાં લે, ઘેર ઘેર જઈ માતા-પિતાને મળી છોકરીઓને ભણાવવા માટે પ્રેરિત કરવી જોઈએ. તેઓ છોકરાઓ અને છોકરીઓ સાથે શિક્ષણ અંગે સરખો વ્યવહાર રાખે, તે માટે તેમને સંમત કરવાં જોઈએ.

જેવી રીતે ગાંધીજીએ હરિજન ઉદ્ધાર માટે પોતે હરિજન વસતિમાં રહેવાનું સ્વીકાર્યું હતું, તેવી રીતે જે ઘરમાં સ્વચ્છતાનો અભાવ હોય, ત્યાં શિક્ષિત નારીઓ તથા છોકરીઓ જાતે સફાઈનું ક્રિયાત્મક મહત્ત્વ સમજાવે. જો શિક્ષિત નારીઓ આ કાર્યક્રમોને પોતાના સ્તરે ચલાવે તો તેણે સરકાર પાસેથી પણ એવી અપેક્ષા રાખવી જોઈએ, કે તે મહિલા ઉત્થાન માટે નવા નવા કાયદા બનાવે તથા એક મોટી રકમ દર વર્ષે આ યોજનામાં વાપરવા માટેની જોગવાઈ કરે. તે સિવાય અનેક સામાજિક કુરિવાજો, પરંપરાઓ તથા દુર્ગુણોએ સામાન્ય ભારતીય નારીને ભરડો લીધો છે, તેમાંથી છોડાવવા માટે, તેનો વિરોધ કરવા માટે સંગઠિત રીતે પ્રચાર-પ્રસાર કરવામાં આવે. જરૂર જણાય તો સંઘર્ષાત્મક પગલાં પણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શિક્ષિત નારી જ ઉઠાવે. આ કાર્ય સાહિત્ય, કળા અને ભાષણના માધ્યમથી જ કરવામાં આવે. ઘેર ઘેર સંપર્ક, પ્રોત્સાહન-પુરસ્કાર વગેરે દ્વારા શિક્ષિત નારી વર્તમાન સ્થિતિની કાયાપલટ કરી શકે છે.

સામાન્ય રીતે બપોર પછીના સમયે મહિલાઓને થોડીક ફુરસદ મળતી હોય છે. તે સમયે શિક્ષિત નારીઓએ સંપર્ક સાધીને તેમની સાથે ગૃહસ્થોપયોગી ચર્ચા કરવી જોઈએ. તેમનાં બાળકો, વ્યવસ્થા અથવા કોઈ ઘરેલુ મુશ્કેલીઓ અંગે ચર્ચા છેડી શકાય છે. આજુબાજુનાં ઉદાહરણો દ્વારા પણ તેમની દૈનિક-પારિવારિક સમસ્યાઓને ઉકેલી શકાય છે. એવું જોવા મળે છે કે મહિલાઓના સ્વભાવમાં કપડાં વગેરે બીજી વસ્તુઓનો બિનજરૂરી સંગ્રહ કરવાની ટેવ હોય છે. આવી સંગ્રહખોરીથી વસ્તુઓ મોંઘી થાય છે અને નફાખોરી વધે છે. આથી બજારમાંથી જરૂર પ્રમાણે જ વસ્તુઓની ખરીદી કરવી જોઈએ. આ અંગે તેમને પ્રેરિત કરવી જોઈએ. વિચાર-વિમર્શ તો પારસ્પરિક ચર્ચા દરમિયાન પણ થઈ શકે છે, જરૂરી નથી કે તેના માટે ગોષ્ઠિના આયોજનની વ્યવસ્થા કરવામાં આવે. કેવળ શિક્ષિત નારીના હૃદયમાં પોતાની બહેનોની પીડા ઓછી કરવા માટેનું દર્દ ઉત્પન્ન કરવાની જ જરૂર છે. પછી સમય કાઢવો, સાધનો મેળવવાં તો દરેક સ્થિતિમાં સરળ થઈ જાય છે.

આધુનિકતાની લહેરનો ભલે ગમે તેવો પ્રભાવ કે દુષ્પ્રભાવ પડ્યો હોય, પણ તેનો એક સારો પ્રભાવ તો એ પડ્યો છે કે સ્ત્રીઓમાં પણ પોતાની સ્થિતિના બોધ અને યોગ્યતા પ્રત્યે આત્મવિશ્વાસ પેદા થવા લાગ્યો છે. આ જ કારણે સાક્ષરતાના પ્રસારની દૃષ્ટિએ શિક્ષિત મહિલાઓની સંખ્યા પણ વધી છે. જાગૃત પરિવારોમાં છોકરીઓ માટે પણ શિક્ષણની જરૂરિયાત સમજાવા લાગી છે અને તેઓ પણ પોતાની દીકરીઓને, છોકરાઓની જેમ જ શિક્ષિત બનાવવાની વ્યવસ્થા કરે છે. જ્યાં છોકરાઓના શિક્ષણ પર ધ્યાન આપવામાં આવે છે એવા સામાન્ય અથવા મધ્યમવર્ગના પરિવારોમાં હવે છોકરીઓને પણ થોડું ઘણું ભણાવવી જરૂરી સમજવામાં આવે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જાગૃત મહિલાઓએ પોતાના ક્ષેત્રની સ્થાનિક પરિસ્થિતિઓને અનુરૂપ નીચેનાં કાર્યોનો પ્રારંભ કરી દેવો જોઈએ.

## (૧) પરિવારમાં આસ્તિકતાનું વાતાવરણ :

ઘરમાં આસ્તિકતા, આધ્યાત્મિકતા અને ધાર્મિકતાનું વાતાવરણ બનાવવું જોઈએ. નાસ્તિકતા મનુષ્યને ઉચ્છૃંખલ અને મર્યાદાહીન બનાવી દે છે. કર્મફળ, પરલોક, ઈશ્વરીય નિયંત્રણ વગેરેનો સ્વીકાર ન કરવાના કારણે આ મનોવૃત્તિ ક્યારેક તક મળતાં ગમે તેવું ક્રૂર કર્મ કરવા પણ તૈયાર થઈ શકે છે. મનુષ્યને પશુ અને પિશાચ બનતો રોકવા માટે સાચા ઈશ્વર-વિશ્વાસ કરતાં વધારે બીજું કોઈ આત્માનુશાસન હોઈ શકતું નથી.

આધ્યાત્મિકતાનો અર્થ છે – આત્મનિર્ભરતા, આત્મબોધ, જીવનનું મહત્ત્વ, સ્વરૂપ અને લક્ષ્ય સમજીને તે પ્રમાણે રીતિ-નીતિ નક્કી કરવી. પરાવલંબી અને બહિર્મુખી વ્યક્તિ પોતાની આંતરિક નબળાઈઓના કારણે બાહ્ય જીવનમાં ભયભીત, હારેલો-થાકેલો અને દીન-હીન બની જાય છે. આત્મગૌરવ અને આત્મસંતોષ જેવા દિવ્ય ઉપહારો તેને ક્યારેય મળી શકતા નથી. આત્મબળ એ સંસારનું સૌથી મોટું બળ છે અને તે માત્ર પોતાની ગરિમા સમજનારને જ મળે છે. બહારથી કંઈક મેળવવા માટે બધા ઉત્સુક રહે છે, પરંતુ અંદરથી કંઈક પામવા માટે એટલો જ પ્રયાસ કરવામાં આવે તો ચમત્કારિક પ્રભાવ પેદા થઈ શકે છે. પોતાની અંદર સૂતેલી શક્તિઓ જાગૃત થઈને સામાન્ય મનુષ્યને પણ દેવતાઓ જેવી વિભૂતિઓથી સજાવી શકે છે. આ ઉપલબ્ધિઓ પ્રગતિનું પ્રત્યેક દ્વાર ખોલી શકે છે. જેમનામાં આત્મવિશ્વાસ છે, જેમણે આત્મનિર્માણ કર્યું છે, એવી વ્યક્તિ જ મહામાનવોની હરોળમાં ઊભી રહી શકવાને યોગ્ય બની છે. ઈતિહાસ તેમનાં જ ગીતો ગાય છે. જાગૃત નારીનું કર્તવ્ય છે કે તે વ્યક્તિગત માન્યતાઓમાં પણ આસ્તિકતા અને આધ્યાત્મિકતાને ઊંડે સુધી ઉતારે અને તેને પરિવારના બીજા લોકોની આસ્થાઓમાં પણ ઠસાવવા માટે સતત પ્રયાસ કરે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપણા ઘરોમાં પૂજા-ઉપાસનાનું વાતાવરણ રહેવું જોઈએ. સારું તો એ છે કે પરિવારના બધા લોકો પ્રાતઃકાળે નિત્યકાર્યમાંથી પરવારી થોડા સમય માટે ઈશ્વરના ખોળામાં બેસવાની ભાવના સાથે ઉપાસના માટે શાંતચિત્તે એકાંતમાં બેસે. ગાયત્રી મંત્રનો જપ અને ઊગતા સૂર્યનાં દિવ્ય કિરણો આપણા શરીર, મન અને અંતઃકરણમાં પ્રવેશી રહ્યાં હોવાનું ધ્યાન કરવું. સમયનો અભાવ હોય તો પંદર મિનિટ પણ તેના માટે ફાળવવાથી કામ ચાલી જાય છે. ઉપાસના પણ નિત્યના દૈનિક કાર્યોમાં વણી લેવી જોઈએ. જો વધારે વ્યસ્તતા કે અરુચિનું વાતાવરણ હોય તો પણ એટલું તો અવશ્ય કરવું જોઈએ, કે પૂજાસ્થાન પર ગાયત્રી માતાનું, ભગવાનનું ચિત્ર સ્થાપિત કરેલું હોય અને કામકાજ શરૂ કરતાં પહેલાં ત્યાં જઈને, ઘરનો દરેક સભ્યએ બે મિનિટ મૌન ઊભો રહીને ગાયત્રી મંત્રનો પાંચ વાર મનમાં ને મનમાં જપ કરી અને પ્રણામ કરીને આ નાનકડા ઉપાસના ક્રમને પૂરો કરી લે. આમાં મુશ્કેલી માત્ર ઉપેક્ષા અને અરુચિના કારણે જ આવી શકે છે, પરંતુ આસ્તિકતાના અનેક પ્રકારના લાભો સમજાવી દીધા પછી શ્રદ્ધાનાં બીજાંકુર ઉગાડી શકાય છે. તેના માટે ઘણું બધું સાહિત્ય યુગનિર્માણ યોજના દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.

સામૂહિક ભજન-કીર્તન-ગાયન-વાદનની પરંપરા પણ ઘરમાં શરૂ થાય તો તેનાથી આસ્તિકતાની એક બહુ મોટી જરૂરિયાત પૂરી થઈ શકે છે. ભગવાનના ગુણગાનથી લઈને જીવનના આંતરિક અને બાહ્ય ક્ષેત્રમાં આદર્શવાદી ઉમંગો ઉત્પન્ન કરવા અને પ્રગતિની દિશામાં ડગ માંડવા સુધીના વિભિન્ન વિષયો આ સહગાનમાં હોઈ શકે છે.

પ્રાતઃકાળે વહેલા ઊઠવા માટે બધા જ સભ્યો રાજી હોવા જોઈએ. સ્નાન, શૌચ વગેરેથી નિવૃત્ત થઈને સામૂહિક પ્રાર્થના માટે પતિ-પત્ની સાથેસાથે અથવા વારાફરતી ઘરનો દરેક સભ્ય એ સાધનાસ્થળમાં પ્રવેશ કરે અને પરમાત્માની ઉપાસના કરે. આજનો દિવસ એક પરિપૂર્ણ જીવન છે, એમ માનીને પરમાત્મા પાસે સત્ય, ઈમાનદારી અને નીતિ-નિષ્ઠા તરફ પ્રેરિત કરવા માટે બળની માગણી કરવામાં આવે. ભાવના પ્રમાણે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ધૂપ, દીપ, અક્ષત, કંકુ વગેરેથી દેવ-પ્રતિમાનો અભિષેક કરવામાં આવે. સવારનો નાસ્તો બધા સભ્યો ઈશ્વરના પ્રસાદના રૂપમાં ગ્રહણ કરે તો ખૂબ જ મંગલદાયક નીવડી શકે છે.

પ્રાતઃકાલીન ઉપાસના પૂરી કરીને દરેકે પોતપોતાના કામમાં લાગી જવું જોઈએ. સ્ત્રીઓ ગૃહકાર્યમાં લાગી જાય, વિદ્યાર્થીઓ શાળાએ જાય અને પુરુષો પોતાના નિર્ધારિત ધંધા-રોજગારમાં જાય.

## (૨) સંસ્કાર પરંપરાનું પુનર્જાગરણ :

પરિવારના પ્રશિક્ષણ માટે આપણી એક વિશેષ પરંપરા છે - સંસ્કાર આયોજનોનું પુનર્જીવન. આ માટે સભ્યોના જન્મદિવસ, વિવાહ દિવસ, સગર્ભાઓના પુંસવન તથા બાળકોના નામકરણ, અન્નપ્રાશન, મુંડન તથા વિદ્યારંભ સંસ્કારો માટે સંસ્કાર મહોત્સવની પ્રક્રિયા અપનાવવામાં આવી છે. આ ખૂબ પ્રાચીન પણ છે અને બિલકુલ નવી પણ છે. ખૂબ પ્રાચીન એટલા માટે કે ભારતીય સંસ્કૃતિમાં સંસ્કારોની પદ્ધતિ ખૂબ અનિવાર્ય રીતે જોડાયેલી છે અને તેને ખૂબ જ સમજદારીપૂર્વક પ્રચલિત કરવામાં આવી છે. બિલકુલ નવી એટલા માટે કે પારિવારિક કર્તવ્યો તેમ જ જવાબદારીઓની જાણકારી તથા તેને સારી રીતે નિભાવવાની વ્યાવહારિક રીતિ-નીતિ, આ પ્રસંગે આપવામાં આવતા પ્રશિક્ષણ સાથે ખૂબ સુંદર રીતે જોડાયેલી છે. સંસ્કાર આયોજનોને બિનખર્ચાળ પરંતુ અત્યંત ઉત્સાહવર્ધક બનાવવામાં આવ્યાં છે. શાખાની તમામ બહેનો પોતપોતાના ઘરે આવાં આયોજનો કરી શકે છે. સંયુક્ત પરિવારમાં આવા અવસરો અવારનવાર આવતા રહે છે અને આવા ઉમંગના વાતાવરણમાં આદર્શવાદી પરિવર્તનોનાં મૂળ ઊંડાં ઉતારવાની વારંવાર તક મળતી રહે છે.

ભારતીય સંસ્કૃતિમાં ષોડશ સંસ્કારોની પરંપરા રહેલી છે. પંડિતોએ તેને કમાણીનું સાધન બનાવી દીધું અને શિક્ષણ-પ્રેરણાનો મૂળ ઉદ્દેશ્ય નષ્ટ કરીને તેને માત્ર પૂજા-પાઠ સુધી સીમિત બનાવી દીધું. આગળ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જતાં વિવેકશીલ જનતાએ તેની બિન-ઉપયોગિતા જોઈને તેની ઉપેક્ષા શરૂ કરી દીધી. હવે તો વિધિવત્ સંસ્કારો ક્યાંક ક્યાંક જ થાય છે. જરૂર એ વાતની છે કે ધર્મ પરંપરાઓને પુનર્જીવિત કરવાના ઉત્સાહવર્ધક અભિયાનની સાથેસાથે પરિવાર નિર્માણ માટે જરૂરી પ્રશિક્ષણ આપવા તથા પ્રગતિશીલ વાતાવરણ બનાવવાની સંયુક્ત પ્રક્રિયાનો તાત્કાલિક આરંભ કરી દેવામાં આવે. તેનો પરિવારોમાં વિરોધ નહિ, પણ સ્વાગત થશે. તેમાં બેવડો લાભ છે. લોકો આપણી પરંપરાઓ પાછળ રહેલી પ્રગતિશીલતાને સમજશે અને એનું સન્માન કરશે. સાથેસાથે પરિવારના પ્રશિક્ષણ માટે ઉત્સાહવર્ધક પરિસ્થિતિઓ પણ પેદા થતી રહેશે. આવાં નાનાં આયોજનો- સમારંભોમાં સહજ ઉત્સાહવર્ધક વાતાવરણ રહેશે. આડોશ-પાડોશના લોકો પારસ્પરિક વ્યવહારના કારણે તથા કુતૂહલવશ તેમાં ભેગા મળશે. અને એટલા લોકો સુધી આપણી વાત પહોંચાડવા માટે મહિલા જાગરણ અભિયાનના કાર્યકર્તાઓને સારી એવી તક મળી જશે.

ઘેર ઘેર જઈને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં નવનિર્માણ સાથે જોડાયેલાં તથ્યોને સમજાવવાં પડશે અને તેને પ્રચલિત કરવાં પડશે. પરિવાર નિર્માણ માટે પ્રચલિત ઘરેડ બદલીને અને સંસ્કાર આયોજનોની ધર્મ-પરંપરા પ્રચલિત કરીને ખૂબ જ સુવિધા અને સફળતા સાથે ઉત્સાહવર્ધક વાતાવરણમાં આ હેતુ પાર પાડી શકાય છે.

સોળ સંસ્કારોમાં દસ મુખ્ય છે. તેમાંથી પાંચ એવા છે, જે પંડિત, પુરોહિતની મદદ વગર ખૂબ જ સારી રીતે ઘરેલુ ઉત્સવના રૂપમાં મહિલાઓ જાતે જ સંપન્ન કરી શકે છે. (૧) સગર્ભાવસ્થાના ત્રીજા મહિને થતા પુંસવન સંસ્કાર મનાવીને પરિવારના લોકોને એવું સમજાવી શકાય કે નવજાત શિશુને સુસંસ્કારી બનાવવા માટે સગર્ભા સ્ત્રીની શારીરિક અને માનસિક સ્થિતિ કઈ રીતે સંતોષજનક રાખી શકાય છે અને તેના માટે ઘરના વાતાવરણમાં, પારસ્પરિક વ્યવહારમાં ક્યા ફેરફારો કરવા જોઈએ. (૨) નામકરણ સંસ્કારમાં બાળકનું નામ પાડવાની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાથેસાથે તેને અનુરૂપ ઘરને એક સંસ્કૃતિ પાઠશાળાના રૂપમાં બદલવા માટે એ પરિવારમાં ક્યા પ્રકારનું પરિવર્તન જરૂરી છે, એની સલાહ આપી શકાય છે. (૩) અન્નપ્રાશન સંસ્કાર આમ તો બાળકોના થાય છે અને મોટે ભાગે બાળકોના આહાર-વિહાર વિશે રાખવાની સાવધાની અંગેની જાણકારી આપવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં તેમાં આખા ઘરના આહાર-વિહાર વિશેની ચર્ચાને તક રહે છે. આપણે મોટે ભાગે ન ખાવાનું ખાતા અને ન પીવા જેવું પીતા રહીએ છીએ, તેનાથી આખા પરિવારનું સ્વાસ્થ્ય નષ્ટ થાય છે. આ પ્રસંગે અનીતિથી મેળવેલી કમાણીથી પેટ ભરવાનાં દુષ્પરિણામો કેવાં હોય છે તે હકીકતને સમજાવી શકાય છે. (૪) મુંડન સંસ્કારમાં બાળકોનો માનસિક વિકાસ કરવાની પ્રેરણા મુખ્ય છે. જન્મજાત પશુસંસ્કારોના પ્રતીક સમા જૂના વાળ કાપી લઈને, તેના સ્થાને સંસ્કૃતિના પ્રતીકસમી શિખા સ્થાપિત કરવામાં આવે છે. મસ્તિષ્ક પર આદર્શવાદી માન્યતાઓનો અધિકાર સિદ્ધ કરતી ધર્મધજા ફરકાવવામાં આવે છે. મુંડન પ્રસંગે એવું સમજાવી શકાય છે કે માત્ર બાળકોનો જ નહિ, આખા પરિવારનો માનસિક વિકાસ જરૂરી છે અને આ મહાન ઉપલબ્ધિ માટે ક્યા પ્રકારનું ચિંતન અને કર્તવ્ય હોવું જરૂરી છે. (૫) વિદ્યારંભ સંસ્કારમાં વિદ્યાની આવશ્યકતા, ઉપયોગિતા તથા સાચી દિશા અંગે ઘરના દરેક સભ્યને જાણકારી મળે છે. જ્ઞાનસંપદાના અભિવર્ધન માટે પરિવારના દરેક સભ્યએ પૂરો ઉત્સાહ અને સતત પ્રયત્ન જાળવી રાખવો જોઈએ. આરોગ્ય અને સમૃદ્ધિની જેમ વિદ્યા સંપદા પર પણ ધ્યાન આપવું જોઈએ અને તેના માટે શું શું કરવું જોઈએ એ સમજાવવામાં આવે છે.

આ પાંચે સંસ્કારો આમ તો નાનાં બાળકોના મનાવવામાં આવે છે, પરંતુ ખરેખર બાળકો તો નિમિત્ત છે. તે તો બિચારાં કંઈ સમજતાં પણ નથી. આવા આયોજનમાં આખા પરિવારનું તથા ઉપસ્થિત સંબંધીઓ-પાડોશીઓનું વાસ્તવિક શિક્ષણ થાય છે. ઘેર ઘેર પ્રશિક્ષણની પ્રક્રિયા ચાલુ થઈ જાય તે માટે આવાં આયોજનોની પરંપરા મહિલા જાગરણની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દરેક સભ્ય બહેનોના ત્યાં શરૂ થવી જોઈએ. નાનાં બાળકોના સંસ્કારોનો ક્રમ સતત ચાલતો રહેતો હોય છે. કોઈ મહિને કોઈનું નામકરણ, તો થોડા મહિના પછી મુંડન આ રીતે કોઈક ને કોઈક બહાને વારંવાર પરિવારના પ્રશિક્ષણના પ્રસંગો આવતા રહેશે અને ઉપયોગી પ્રેરણાઓથી તે લોકોને વારંવાર પ્રભાવિત કરી શકાશે. આ પરિવાર નિર્માણની દૃષ્ટિએ એક ખૂબ જ ઉત્તમ વિધિ-વ્યવસ્થા છે જેને પ્રચલિત કરવામાં મહિલા મંડળોએ પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ.

સંસ્કાર દ્વારા પરિવાર નિર્માણના ક્રમમાં વિવાહ-દિવસોત્વ સંસ્કારનું વિશેષ મહત્ત્વ છે. જે દિવસે લગ્ન થયાં હોય તે દિવસે દર વર્ષે એક નાનકડો ઉત્સવ સમારંભ રાખવો જોઈએ. પતિ-પત્નીએ નાના-નાના સંકલ્પો લેવા જોઈએ તથા લગ્નજીવનનાં કર્તવ્યો-જવાબદારીઓને નવેસરથી ફરીથી સમજવાં, સમજાવવાં જોઈએ. દર વર્ષે આ પ્રકારનું વ્રતધારણ પ્રશિક્ષણ, સંકલ્પ તથા ધર્માનુષ્ઠાન કરવામાં આવતું રહે તો તેનાથી બંનેને પોતાનાં કર્તવ્યો તથા જવાબદારીઓને પાળવાની, નિભાવવાની નિશ્ચિતપણે પ્રેરણા મળશે. આ રીતે એ સોનેરી દિવસ આખું વર્ષ નસ-નાડીઓમાં ઉલ્લાસ ભરી શકે છે. તે દિવસે બંને પરસ્પર વિચાર વિનિમય કરીને પોતપોતાની ભૂલોને સુધારવાના તથા એક-બીજાની વધુ નજીક આવવાના ઉપાયો સૂચવવામાં સફળતા મેળવી શકે છે.

વ્યક્તિ નિર્માણની દૃષ્ટિએ જન્મદિવસ મનાવવાનું ખૂબ મહત્ત્વ છે. જે સભ્ય બહેનોનો જન્મદિવસ હોય, તેમના ઘરે તે દિવસે એક નાનો ઉત્સવ કરવામાં આવે. મનુષ્ય જન્મ કેટલો કીમતી છે, ક્યા ઉદ્દેશ્ય માટે મળ્યો છે અને એ પુણ્ય પ્રયોજનની પૂર્તિ માટે ચિંતન અને કતૃત્ત્વની દિશા કઈ હોવી જોઈએ, આ સઘળી બાબતોને અનેક ઉદાહરણ આપી સમજાવી શકાય છે, શીખવી શકાય છે અને જેનો જન્મદિવસ છે તેને પ્રેરણા આપી શકાય છે કે તે પોતાના આ સુરદુર્લભ જન્મને સાર્થક કરવા માટે પોતાની હાલની ગતિવિધિઓમાં શું ફેરફાર કરી શકે છે. આ વ્યક્તિ નિર્માણનું પ્રશિક્ષણ છે જેનાથી ઉપસ્થિત બધા લોકો પોતપોતાના માટે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રેરણાઓ ગ્રહણ કરી શકે છે. આમ તો બહેનો પોતાના બાળકનો જન્મદિવસ, ખુશી મનાવવાની દૃષ્ટિએ ઉજવે છે. આપણો ઉદ્દેશ્ય તેનાથી ક્યાંય ઊંચો છે. બહેનોના જન્મદિવસ મનાવવાની પરંપરા એટલા માટે રાખી છે, કે જેથી તે દિવસે તેમને આત્મચિંતનની નવી પ્રેરણાઓ પ્રાપ્ત કરવાની તક મળી શકે.

આ બધા સંસ્કાર-આયોજનો એવાં છે, જેને બહેનો જ હળીમળીને મનાવી શકે છે. યજ્ઞ, કર્મકાંડ વગેરેના મંત્રો તથા વિધિ એટલાં સરળ છે, જેને કેટલીક શિક્ષિત મહિલાઓ થોડાક દિવસના પ્રયત્નથી ખૂબ સારી રીતે શીખી શકે છે. આયોજનોમાં ખર્ચ નજીવો જ રાખવામાં આવેલ છે. આપણી પદ્ધતિથી ઓછા ખર્ચમાં હવન વગેરે કર્મકાંડ પૂરા થઈ જાય છે. જલ-પાન, ચા-પાણી વગેરે સ્વાગતની ખર્ચાળ પ્રથા આ આયોજનોમાં બિલકુલ પ્રતિબંધિત રાખવામાં આવી છે, જેથી ગરીબમાં ગરીબ સ્થિતિના લોકો પણ તે ઉત્સાહભેર અને પૂરા સન્માન સાથે કરી શકે.

## (૩) સામૂહિક પર્વ અને તહેવાર :

પોતાના ફળિયાના કે ગામ-નગરનાં બધાં સ્ત્રી-પુરુષોને ભેગાં કરી સામૂહિક રીતે પર્વ અને તહેવારો ઉજવવાનો કાર્યક્રમ બનાવવો જોઈએ. દીવાળી, વસંતપંચમી, શિવરાત્રી, હોળી, રામનવમી, ગાયત્રી જયંતી, ગુરુપૂર્ણિમા, રક્ષાબંધન, વિજયાદશમી વગેરે તહેવારોને સાર્વજનિક આયોજનોના રૂપમાં ઉજવવા જોઈએ અને આ પર્વોની પાછળ વ્યક્તિ-નિર્માણનાં જે સૂત્રો રહેલાં છે, તેનાથી સામાન્ય જનતાને માહિતગાર કરવી જોઈએ. સમાજના નવનિર્માણમાં આવાં આયોજનોનો ક્રાન્તિકારી પ્રભાવ જોવા મળી શકે છે. યુગનિર્માણ મિશને તેને ઉજવવા માટે જે વિધિ બનાવી છે તથા પ્રતિપાદન દ્વારા જે હકીકતો રજૂ કરી છે તે ખરેખર અભૂતપૂર્વ છે. તેમાં આજની સમસ્યાઓનું સમાધાન ઠાંસી ઠાંસીને ભરેલું છે.

આસો વદ અમાવસ્યાના રોજ દીવાળી હોય છે અને તે આર્થિક-સંતુલન સાથે જોડાયેલાં અનેક સમાધાનો લઈને આવે છે. આ પર્વને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉજવવાની સાથે દેશની અર્થવ્યવસ્થાની વિકૃતિનાં કારણો અને તેને સંતુલિત કરવાના ઉપાયો સૂચવી શકાય છે. આ રીતે મહા સુદ પાંચમ વસંતપંચમી શિક્ષણની, ફાગણ સુદ પૂનમ હોળી સ્વચ્છતા તથા શ્રમ-સહયોગની, ચૈત્ર સુદ નોમ રામનવમી મર્યાદા-પાલનની, જેઠ સુદ દસમ ગાયત્રી જયંતી આત્મિક પવિત્રતાની, અષાઢ સુદ પૂનમે ગુરુપૂર્ણિમા અનુશાસનની, શ્રાવણ સુદ પૂનમ શ્રાવણી-રક્ષાબંધન યજ્ઞોપવીત પરિવર્તન સાથે દ્વિજત્વની એટલે કે પશુજીવન ત્યાગીને મનુષ્યજીવનમાં પ્રવેશ કરવાની જવાબદારી નિભાવવાની, શ્રાવણ વદ આઠમ જન્માષ્ટમી શ્રીકૃષ્ણના કર્મયોગની, આસો સુદ દશમ વિજયાદશમી શક્તિ-સંચયની પ્રેરણા લઈને આવે છે. આ પર્વો ઉજવતી વખતે ઉપર્યુક્ત સમસ્યાઓ પર પ્રકાશ ફેંકી સામાજિક સંગઠન, સંશોધન તથા વિકાસની અનેક ગૂંચવણો ઉકેલવા માટેના ઉપાયો સૂચવી શકાય છે. આના માધ્યમથી સમાજ નિર્માણનું શિક્ષણ ઉત્સાહવર્ધક વાતાવરણમાં સારી રીતે થઈ શકે છે. ધર્મ પરંપરાઓના નિર્વાહની સાથેસાથે લોકશક્તિને જાગૃત, પરિષ્કૃત, સંગઠિત તથા વિકસિત કરવાની આ રીત એટલી ઉત્તમ છે કે ભારતની વર્તમાન પરિસ્થિતિઓમાં લોકશિક્ષણનો બીજો કોઈ વિકલ્પ વિચારી શકાય તેમ જ નથી.

## (૪) પારિવારિક ગોષ્ઠિ તથા બાળકોને વાર્તાઓ સંભળાવવી :

પરિવારનું ભાવનાત્મક નિર્માણ કરવા માટે સાપ્તાહિક ગોષ્ઠિઓમાં ઘરની સમસ્યાઓ પર વિચાર-વિનિમય કરવાની, બજેટ બનાવવાની તથા ભાવિ નીતિ નક્કી કરવાની પરંપરા ચલાવી શકાય છે. સમસ્યાઓનું સમાધાન શોધી શકાય છે અને પ્રગતિ માટેનાં નવાં સોપાનોનું નિર્ધારણ કરી શકાય છે. દરેક મહિલાએ તેના માટે એક સુનિશ્ચિત રૂપરેખા બનાવવી પડશે અને પોતાના વ્યક્તિત્વને વિકસિત કરવાની સાથે આખા પરિવારનું નવનિર્માણ કરવા માટેનું સાહસ કેળવવું પડશે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સામાન્ય રીતે બાળકોને પ્રેરણાપ્રદ વાર્તાઓ સંભળાવવાની નાની વાત લઈને આગળ વધવાનું છે. દરેક બહેનો બાળકો માટે જ્ઞાનવર્ધક તેમ જ દિશા આપનારી વાર્તાઓ શીખે અને તે કઈ ઉંમરનાં બાળકો માટે કેવી રીતે કહેવી એ કળા અપનાવે. દરેક ઘરમાં રાત્રે વાર્તાઓ કહેવાની પ્રથા હોવી જોઈએ. 'દાદા-દાદીની વાર્તા'ની કહેવત પ્રસિદ્ધ છે. વૃદ્ધાઓ તથા જેમની પાસે સમય રહેતો હોય તેઓ આ કાર્યને સહેલાઈથી કરી શકે છે. તેમને ઉત્સાહ ન હોય તો કામ કરતી બહેનો પણ ગમે તે રીતે સમય કાઢી શકે છે. આમ તો આજકાલ એવી વાર્તાઓની ખૂબ અછત છે, કે જે માત્ર મનોરંજન ન રહેતાં, બાળકોને દિશા અને પ્રેરણા આપી શકે, તેમ છતાં એવી વાર્તાઓ શોધીને મેળવી શકાય છે.

બાળકોમાં વાર્તાઓ સાંભળવાનો સહજ ભાવ હોય છે. જ્યારે આવી પ્રથા શરૂ થઈ જાય તો ઘરના બીજા લોકો સરકીને ત્યાં આવીને ભેગા થઈ જાય છે. કથા સાંભળવામાં આનંદ તો સૌને આવે જ છે. આ રીતે વાર્તાઓ કહેવાની પ્રક્રિયા જો સુનિયોજિત અને દૂરદર્શિતાપૂર્ણ આધાર લઈને ચલાવવામાં આવે, તો આ નાના દેખાતા કાર્યથી પણ અગણિત સત્પરિણામો મળી શકે છે. વ્યક્તિઓના નિર્માણમાં કથાના પ્રચલનની અનુપમ ભૂમિકા હોઈ શકે છે.

કથામાં ધર્મગ્રંથો જ વાંચવા-સાંભળવા અને સમય રાત્રિનો જ હોય એ જરૂરી નથી. સુવિધા અને રુચિ અનુસાર તેમાં પરિવર્તન કરી શકાય છે. રાત્રિના બદલે સાંજનો સમય પણ અનુકૂળ હોઈ શકે. વ્યક્તિ, પરિવાર અને સમાજની સમસ્યાઓનું સ્વરૂપ સમજાવતાં અને તેનું સમાધાન દર્શાવતાં પુસ્તકો પણ એક પ્રકારના ધર્મગ્રંથો જ છે. વાત સંસ્કૃતમાં કહેવામાં આવી હોય કે સ્થાનિક ભાષામાં, તેનાથી કોઈ ફરક પડતો નથી.

પ્રાચીનકાળના ઋષિઓએ તેમના સમયની સમસ્યાઓ પર એ સમયની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રકાશ ફેંક્યો હતો. આજની સ્થિતિ તેના કરતાં જુદી છે. પ્રાચીનકાળમાં હતી તેવી સમસ્યાઓ આજે નથી. હવે આપણી સામે નવી સમસ્યાઓ છે અને તેનું સમાધાન પણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આજના હિસાબે જ શોધવું પડશે. આ કામ યુગદ્રષ્ટાઓ અને યુગપુરુષોનું છે. વિવેકાનંદ, દયાનંદ, ગાંધી, વિનોબા વગેરેને આપણે યુગદ્રષ્ટાઓમાં ગણી શકીએ છીએ અને તેમના દ્વારા આપવામાં આવેલા બોધપાઠ પ્રમાણે આપણી વિચારધારા પરિષ્કૃત કરવાનો લાભ ઉઠાવી શકીએ છીએ. કથાનો ઉદ્દેશ્ય યુગદ્રષ્ટાઓના સાહિત્યથી સારી રીતે પૂરો થઈ શકે છે.

## (૫) તુલસીરોપણ :

તુલસીના રોપાઓ ઘેરઘેર લગાવવાનું અભિયાન પણ ચલાવવું જોઈએ. તેનાં પાંદડાં, ફૂલ, બીજ વગેરે ઉપયોગી ઔષધિનું કામ કરે છે. શરદી, સળેખમ, તાવ, ઉધરસ વગેરે અનેક રોગોમાં તેનો પ્રયોગ થઈ શકે છે. તુલસીના સ્પર્શથી વાયુ શુદ્ધ થાય છે અને માખી-મચ્છર દૂર ભાગે છે. સૌથી મોટી વાત છે - ઘરના વાતાવરણમાં ધાર્મિકતાનો સમાવેશ. ફળ, શાકભાજી વગેરે ન વાવી શકાય તો પણ વૃક્ષારોપણના પ્રતીક ચિહ્ન તરીકે તુલસીનો છોડ દરેક ઘરમાં સન્માનપૂર્વક વાવવો જોઈએ. રચનાત્મક અભિયાનનો આ પણ એક સારો શુભારંભ ગણી શકાય.

## (૬) બાળઉછેરનું પ્રશિક્ષણ :

સદ્‌ગૃહિણીએ કુશળ માળીની જેમ પોતાના ઘર-પરિવાર માટે માત્ર સુકોમળ અનુદાનો આપવાં પડે છે એવું નથી, પરંતુ દૂરદર્શી પ્રશાસકની જેમ નિયંત્રણ તેમ જ પ્રતિરોધનાં કડક પગલાં પણ ઉઠાવવાં પડે છે. બુદ્ધિશાળી માતાઓ પોતાનાં બાળકોને માત્ર પ્રેમ જ નથી આપતી, પણ એક આંખે પ્રેમ અને બીજી આંખે સુધારનું હથિયાર વાપરે છે. આ સંતુલનના અભાવે માતાની એકપક્ષીય પ્રવૃત્તિ બાળકોના વ્યક્તિત્વનો નાશ કરી દેશે. અવિવેકપૂર્ણ લાડથી જ બાળકો બગડે છે, તે બધા જાણે છે. નારીએ આ બંને શસ્ત્રો ઢાલ અને તલવારની જેમ સુરક્ષાત્મક અને આક્રમક એમ બંને પ્રયોજનો પૂરાં કરવાનાં છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## (૭) દીકરો-દીકરી એકસમાન :

ઘરમાં પુત્ર અને પુત્રી વચ્ચે વર્તવામાં આવતો ભેદભાવ તરત જ દૂર કરી દેવો જોઈએ. લિંગ-ભેદના કારણે કોઈને ન સન્માન મળવું જોઈએ, ન તિરસ્કાર. ન છોકરીઓને તુચ્છ દૃષ્ટિએ જોવી જોઈએ કે ન છોકરીઓ જ પોતાની જાતને હીન સમજે. આવો વ્યવહાર પોતે પણ કરવો જોઈએ અને બીજાઓને પણ એવું કરવા માટે કહેવું જોઈએ. દીકરાઓ કમાણી કરે છે અને વંશવેલો ચલાવે છે, જ્યારે દીકરીઓ પારકા ઘરનો કચરો અને ઉછીની ઉપાધિ હોય છે એવું માની બાળકોમાં ભેદભાવ રાખવો, એ એવું દર્શાવે છે, કે આ લોકો વાલી કહેવડાવવાને પણ લાયક નથી. સામાન્ય વાત્સલ્યનો પણ તેમનામાં ઉદય થયો નથી. આપણે આવા પ્રકારના ભેદભાવને મનમાંથી કાઢી નાખવો જોઈએ. પુત્ર-જન્મની ખુશી અને પુત્રીના જન્મ પર શોક મનાવવો એ મનુષ્યતાની શાન પર એક કલંક સમાન છે.

## (૮) શિક્ષણ, સ્વાસ્થ્ય તથા સ્વાવલંબન :

જનમાનસનું ભાવનાત્મક નવનિર્માણ કરવાની, યુગ-પરિવર્તન તથા યુગનિર્માણની વિશ્વવ્યાપી જવાબદારી મહાકાળે નારીના જ ખભા પર સોંપવાનો નિશ્ચય કર્યો છે. આમાં તેની ઈશ્વરપ્રદત્ત વિશિષ્ટતા જ મુખ્ય કારણ છે. નારીમાં એ બધા ગુણો છે જેનાથી તે પોતાના સંતાન, પરિવાર, સમાજ તથા સમસ્ત માનવજાતિનું નિર્માણ કરી શકે છે.

આ મહાન જવાબદારી પૂરી કરવા માટે નારીએ શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વાવલંબનના ત્રણે મોરચા પર આગળ વધવાનું છે. તેણે વ્યક્તિગત જીવનમાં ઘૂસી ગયેલા આળસ અને અવસાદ છોડવા પડશે અને પ્રગતિ માટે તકો અને સાધનો મેળવવાં પડશે.

**શિક્ષણ :-** શિક્ષણ અને સ્વાવલંબનની દિશામાં નવો ઉમંગ પેદા થવો જોઈએ. અધ્યયનનો શોખ ઉત્પન્ન કરવામાં આવે. પ્રૌઢ અભણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્ત્રીઓ ભણવાનું શરૂ કરે. ભણેલી બહેનો આગળનો અભ્યાસ ચાલુ રાખે. આ અભ્યાસ શાળાકીય પરીક્ષા પાસ કરવાની દૃષ્ટિએ જ હોય એ જરૂરી નથી. ઉપયોગી જ્ઞાન વધારવું એ જ આપણા શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય હોવો જોઈએ. મહિલાઓ માટેની પ્રૌઢ પાઠશાળાઓનો સંગઠિત પ્રયાસ ગલીએ ગલીએ, ફળિયે ફળિયે થવો જોઈએ. છોકરીઓને શાળાએ મોકલવામાં આનાકાની કે ઉપેક્ષા ન કરવી જોઈએ. સગાઈની ઉતાવળ કે લગ્નમાં થનાર ખર્ચની વાત વિચારીને છોકરીઓના શિક્ષણમાં કંજૂસાઈ વર્તવામાં આવે છે. આ ઉપેક્ષાવૃત્તિનો અંત થવાથી જ નારીનું સ્તર ઊંચું ઊઠશે અને ભવિષ્ય ઉજ્જવળ બનશે.

**સ્વાસ્થ્ય** :- સામાન્ય સ્વાસ્થ્ય વિદ્યા શીખવવા માટે દરેક સ્થળે વ્યવસ્થા રાખવામાં આવે. પ્રસૂતિશાળાઓ ચલાવવામાં આવે. શિક્ષિત દાયણો પ્રસૂતિમાં મદદ કરવા માટે ઉપલબ્ધ રહે. પછાત ક્ષેત્રમાં આવી જાણકારીના અભાવે દર વર્ષે લાખોનાં મૃત્યુ થાય છે અને અગણિત મહિલાઓ આ જ કુચક્રમાં ફસાઈને જીવનભર માટે ભયંકર યૌન રોગોથી પીડાય છે. તેમનું જીવન બચાવવા માટે દરેક જગ્યાએ વ્યવસ્થા હોવી જોઈએ. પ્રજનન દર સીમિત રાખવા માટે જરૂરી શિક્ષણ, સફાઈ, દર્દીની સારવાર, પૌષ્ટિક ભોજનની ઉપયોગિતા, જુદાજુદા રોગોમાં ઘરેલુ ઉપચાર, પ્રાથમિક સારવાર, નશાથી સ્વાસ્થ્યને થતું નુકસાન, વગેરે વિષયોનું જ્ઞાન બધી મહિલાઓને આપવામાં આવે.

**સ્વાવલંબન** :- સ્વાવલંબનની દૃષ્ટિએ ઘર ઘરમાં ગૃહઉદ્યોગોનું પ્રચલન જરૂરી છે. કપડાં ધોવાં, સિલાઈકામ તથા સમારકામ આ દિશામાં સર્વપ્રથમ છે. આ કળાથી દરેક સ્ત્રીએ ટેવાવું જોઈએ. તેનાથી કુશળતા પણ આવે છે અને પૈસા પણ બચે છે. તૂટી-ફૂટી વસ્તુઓનું સમારકામ અને શાકભાજી ઉછેર જેવા બે ઉદ્યોગો પણ એવા છે, જે દરેક ગૃહિણીએ જાણવા અને ચલાવવા જોઈએ. તે સિવાય આજુબાજુના વિસ્તારમાં વેચી શકાય તેવી કેટલીક વસ્તુઓ પોતાની અનુકૂળતા પ્રમાણે બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. આમ તો આ કાર્ય સહકારી મંડળીઓ દ્વારા સારી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રીતે થઈ શકે છે. તે કાચો માલ વાજબી કિંમતે આપે અને ઉત્પાદન ખરીદીને બજારમાં વેચાણ કરી શકે. આવા ઉત્પાદન માટે પ્રશિક્ષણની વ્યવસ્થા પણ થઈ શકે તો ઘેરઘેર આવા ગૃહઉદ્યોગો ચાલી શકે છે અને બેકારી તથા ગરીબી દૂર કરવામાં ઘણી મદદ મળી શકે છે. સંગઠિત રીતે શક્ય ન બને તો પણ વ્યક્તિગત પ્રયત્નોથી આ દિશામાં કંઈક ને કંઈક કરતા રહેવાની જરૂર છે. ઉત્પાદન અને નિર્માણની દિશામાં આપણે ધીમા કે ઝડપી પગલાં ભરવાં જ જોઈએ. નારી સ્વાવલંબનની દિશામાં આ પ્રયાસોની અનિવાર્ય આવશ્યકતા છે.

## (૯) પડદા પ્રથા - એક કુપ્રથા :

પડદા પ્રથાનો અંત લાવવો જોઈએ. આ કાર્ય સ્ત્રીઓ જાતે જ કરે. સાસુ પોતાની વહુને બેટા કહીને સંબોધન કરે અને બીજાં બાળકોની જેમ તે પણ આ પરિવારની એક સભ્ય જ છે એવું દર્શાવે. પુરુષોએ સ્ત્રીઓ પર લાજ કાઢવા માટે કોઈ દબાણ ન કરવું જોઈએ કે ન પ્રોત્સાહન આપવું જોઈએ. ઘરની સ્ત્રીઓ એકબીજા સાથે મળીને આ કુરીતિનો અંત લાવે. વિચારશીલ પુરુષોને પણ આમાં કોઈ વાંધો નહિ આવે અને આ પછાતપણાની નિશાનીનો સહેલાઈથી અંત આવી જશે.

## (૧૦) ઝવેરાત - નુકસાનનો સોદો :

દાગીનાની અનુપયોગિતા બિલકુલ સ્પષ્ટ છે. તેમાં પૈસાનું બિનજરૂરી રોકાણ થાય છે. ધાતુઓમાં ભેળસેળ, ટાંકા, ઝરણ, મીનાકારી તથા ઘડામણ, તૂટફૂટના કારણે તેમાં રોકેલા પૈસાની અડધી કિંમત પણ ઊપજતી નથી. એટલા જ પૈસા જો બેંકમાં રોકવામાં આવે, તો વ્યાજના કારણે મૂડીમાં ઘણો વધારો થઈ જશે, જ્યારે ઝવેરાતમાં તો તે સતત ઘસાતા અને ઘટતા જ જાય છે. ચોરી, હત્યા, ઈર્ષ્યા, અહંકાર, ઉદ્ધત પ્રદર્શન, પ્રતિસ્પર્ધા જેવાં કેટલાંય નુકસાન ઝવેરાતના કારણે રોજેરોજ થતાં રહે છે. સોનું, ચાંદી જેવી કીમતી ધાતુઓ રાષ્ટ્રીય કોશમાં સંગ્રહિત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થવાના બદલે જ્યારે ઘરોમાં વિખરાઈ જાય છે, ત્યારે તેનો પ્રભાવ દેશની અર્થવ્યવસ્થા પર પડે છે. શરીરનાં જે અંગો પર દાગીના પહેરવામાં આવે છે, ત્યાંની ચામડી પણ કડક થઈ જાય છે, પરસેવો જમા થાય છે અને કુરૂપતા તથા રુગ્ણતા ઉત્પન્ન થાય છે. નાક અને કાન વિંધાવીને દાગીના પહેરવા એ તો કોઈ અસભ્ય સમયમાં પ્રચલિત થયેલા કુરિવાજ સિવાય બીજું કંઈ નથી. ઝવેરાતનું ચલણ ઘટાડવા અને હટાવવા માટે આપણા સૌમાં ઉત્સાહ પેદા થવો જોઈએ.

## (૧૧) ભૂંડી ફેશનથી બચીએ :

ફેશનના નામ પર ભદ્દી અને ખર્ચાળ પ્રથા આજે વધી રહી છે. અવાંછનીય ઠાઠમાઠથી શૃંગારિક અશ્લીલતા વધે છે અને ચારિત્ર્ય પર ખરાબ પ્રભાવ પડે છે. ભપકાદાર સજાવટ મનુષ્યની આછકલાઈ અને બાળબુદ્ધિની નિશાની છે. તેનાથી ઉપરછલ્લું આકર્ષણ ભલે પેદા થાય, પણ સન્માન વધતું નથી. જ્યાં પણ ઉદ્ધત ઠાઠમાઠ જોવા મળે, ત્યાં તેને નિરુત્સાહિત કરવો જોઈએ.

## (૧૨) અનીતિ તથા કુરીતિ ઉન્મૂલન :

અનીતિ ઉન્મૂલનના મોરચે નારીઓએ સક્રિય થવું પડશે. કુરિવાજો, મૂઢ માન્યતાઓ અને અંધવિશ્વાસે નારી જાતિને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. તે બધાને એકએક કરીને ઉખાડી ફેંકવાની યોજના બનાવવી જોઈએ. નાની ઉંમરમાં બાળકોનાં લગ્ન કરાવી દેવાં એ ઘણું જ દુર્ભાગ્યપૂર્ણ છે. અઢાર વર્ષથી ઓછી ઉંમરની છોકરીઓ અને એકવીસ વર્ષથી ઓછી ઉંમરના છોકરાઓના લગ્ન કરીને તેમના શારીરિક અંને માનસિક સ્વાસ્થ્યને બરબાદ કરી નાખવાની ભૂલ હવે બિલકુલ બંધ થઈ જવી જોઈએ.

સ્ત્રીઓમાં એટલું સાહસ હોવું જોઈએ, કે તેઓ પુરુષોને સમજાવી શકે, કે ભેળસેળ, લાંચ,ઓછું તોલવું, ઓછું માપ, અસલી બતાવીને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નકલી માલ આપવો, વધુ પડતો નફો લેવો, ચોરી, કાળાબજાર તથા અનીતિ અપનાવવાથી જે ધન મળે છે તે દુર્વ્યસનોમાં, ઠાઠમાઠ, ભોગવિલાસ જેવા અપવ્યયમાં ચાલ્યું જાય છે. ચોરી, રાજદંડ, દવા-દારૂ, કોર્ટ-કચેરી જેવી વિપત્તિઓમાં મોટે ભાગે આવી કમાણી બરબાદ થઈ જાય છે. ઈમાનદારીથી મેળવેલો પૈસો ભલે થોડો હોય, ભલે તેનાથી મુશ્કેલીથી ગુજરાન ચાલે, તો પણ એ નિશ્ચિત છે કે તેટલી કમાણીથી પણ પરિવાર ફૂલે-ફાલે છે અને સુખી રહે છે.

મૃત્યુ-ભોજન, ભૂત-પલીત, જાદુમંતર, જ્યોતિષ, મુહૂર્ત જેવા ભ્રમજંજાળમાં સમય, ધન અને સંતુલન ગુમાવવાથી જરાય લાભ નથી, ઊલટું નુકસાન છે. દેવી-દેવતાઓના નામે પશુબલિ અને નરબલિ જેવાં કુકર્મો જોવા મળે છે, તેને શરમજનક મૂઢમાન્યતા સિવાય બીજું કોઈ નામ આપી શકાય નહિ.

દહેજની લેવડદેવડ માંસના ખરીદ-વેચાણ કરતાં પણ વધારે ઘૃણાસ્પદ છે. આ કુપ્રથાના કારણે આપણા સમાજમાં ગરીબી અને બેઈમાનીનું કુચક્ર ચાલી રહ્યું છે, જેના પરિણામે ચરિત્રનિષ્ઠાનો પાયો જ ડગમગવા લાગ્યો છે. હવે સમય પાકી ગયો છે કે આ કુપ્રથાનો અંત લાવી દેવામાં આવે અને બિલકુલ સાદગીપૂર્વક ઓછા ખર્ચે લગ્નોની પરંપરા શરૂ થાય.

મહિલા ગોષ્ઠિઓમાં એવા પ્રકારના વિચારો રજૂ કરવામાં આવે કે દહેજ-પ્રથા, ખર્ચાળ લગ્નો, મૃત્યુભોજન જેવી બિનઉપયોગી પરંપરાઓને વળગી રહેવું એ વાતનું પ્રમાણ છે કે સમાજમાં નવીનતાનો અભાવ છે. જો સમાજમાં ખુશાલી લાવવી હોય, પરિવારોમાંથી કલેશ દૂર કરવો હોય તો આ કુરિવાજોનો વિરોધ કરવો જોઈએ. નારીઓના પુનરુત્થાન માટે એવી માન્યતા અને વાતાવરણ બનાવવું જરૂરી છે જેથી જનતા આ કુરિવાજોથી માહિતગાર બને. મહિલાઓએ સંગઠિત રીતે આ કાર્યમાં જોડાઈ જવું જોઈએ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## (૧૩) વ્યસનમુક્તિ માટે પરિવાર તેમ જ સમાજમાં પ્રયાસ :

વિચારશીલ નારીઓનું કર્તવ્ય છે કે નશાબાજીનાં દુષ્પરિણામોને સમજે અને જેને તેની આદત પડી ગઈ છે, તેમની લત છોડાવવા અથવા ઘટાડવા માટે વારંવાર અનુરોધ કરતી રહે. જેમને લત નથી પડી તેમને પૂર્વ ચેતવણી આપી બચાવવાનો પ્રયત્ન કરે. સમર્થન તો ક્યારેય ન કરવું જોઈએ. કોઈ ભયંકર વિગ્રહ થાય તો તેને ટાળવા માટે થોડાક સમય પૂરતી રાહ જોવાની નીતિ અપનાવી શકાય છે, પરંતુ તેના આ કાર્યમાં સહયોગ કરવા માટે સંમત ન થવું જોઈએ. કડક બનવાથી જ ખરાબ આદતો છૂટવાની આશા રાખી શકાય. નશાની અસરથી પોતાના પ્રિય પરિજનોના પ્રાણ બચી શકે, તે માટે વિવેકશીલ મહિલાઓ સતત પ્રયત્નશીલ રહે છે. નશાખોરનાં સંતાનો તામસિક સ્વભાવ અને દુર્ગુણોથી ગ્રસ્ત હોય છે, એ હકીકતને ધ્યાનમાં રાખીને પરિવારના દરેક શુભચિંતકે આ અસુરને ઘરની બહાર કાઢી મૂકવા માટે તત્પરતા દાખવવી જોઈએ. મહિલા સંગઠનોએ અનેક સ્થળોએ દારૂના અડ્ડાઓ બંધ કરાવ્યા છે.

## (૧૪) અશ્લીલ ગીત, સંગીત, સાહિત્ય અને ચિત્રોનો ઘરોમાંથી બહિષ્કાર :

સાર્વજનિક સભા-સંમેલન કરવાં જોઈએ, જેમાં અશ્લીલ ચિત્રો અને સાહિત્ય પ્રત્યે ઘૃણા પેદા કરવામાં આવે. જનતામાં ધાર્મિક ભાવનાઓનો ઉત્તરોત્તર વધારો કરવાનાં સાધનો અપનાવવાં, સ્વાધ્યાયમાં રુચિ વધારવી, ધર્મનું સાચું સ્વરૂપ જનતા સમક્ષ મૂકવું તથા અધર્મના માર્ગે ચાલવાથી થતા નુકસાન અંગે સમજાવવું જોઈએ. તેનાથી નારી જાતિ પ્રત્યે સન્માનનો ભાવ જાગે છે, તેને માત્ર ભોગવિલાસની સામગ્રી ન માનતાં પૂજ્યભાવથી જોવા લાગે છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કામવાસનાની વૃદ્ધિ માટે સિનેમા, સામયિકો-છાપાં તથા સાહિત્ય દ્વારા જેટલો પ્રચાર થાય છે તેના વિરુદ્ધ તેનાથી અનેકગણો વ્યાપક અને શક્તિશાળી પ્રચાર કરવાથી જ આ રોગથી સમાજને મુક્ત કરી શકાય છે. કોઈ પણ આંદોલનને સફળ બનાવવા માટે જનસંપર્ક દ્વારા જ પોતાના સંગઠનમાં વૃદ્ધિ થાય છે. પ્રચાર દ્વારા વિચાર-ક્રાન્તિ કરી શકાય છે, કારણ કે વિચારોમાં એવી મહાન શક્તિ છે, જે મનુષ્યની કાયાપલટ કરી નાંખે છે. જનતામાં ઉત્તમ વિચારોનો પ્રચાર-પ્રસાર કરવો એ શ્રેષ્ઠ પુરુષોનું કર્તવ્ય છે. ગાયત્રી પરિવાર દ્વારા આયોજિત યજ્ઞ-સંમેલનોમાં અથવા તો વ્યક્તિગત રીતે નર-નારી બંને પાસે નીચે પ્રમાણે સંકલ્પ કરાવવો જોઈએ.

'હું માનું છું કે આજકાલનાં અશ્લીલ ચિત્રો, અશ્લીલ સાહિત્ય, અશ્લીલ ગીત-સંગીત સમાજમાં દૂષિત ભાવનાઓને જાગૃત કરે છે; સન્માર્ગથી હટાવીને કુમાર્ગ તરફ લઈ જાય છે, આથી હું મારા ઘરમાં અશ્લીલ ચિત્ર, સાહિત્ય, ગીત-સંગીતને કોઈ સ્થાન આપીશ નહિ અને સંપર્કમાં આવનાર વ્યક્તિઓને પણ તેનાથી દૂર રહેવાની પ્રેરણા આપીશ.'

મહિલા સંગઠનોએ બજારમાં લાગેલાં ગંદાં ચિત્રો પર કાળો કૂચડો મારવાનું તથા અશ્લીલ સાહિત્યની હોળી કરવાનું કાર્ય સામૂહિક રીતે કરવું જોઈએ. પ્રેરણાપ્રદ ગીત-સંગીતની ઉપયોગિતા, પ્રેરણાપ્રદ ચિત્રો, સદ્વાક્યોનાં સ્ટીકર ઘરોમાં લગાવવાની તેમ જ ધાર્મિક સદ્વિચારોની પત્રિકાઓ પરિવારમાં વંચાવવાની પરંપરા ચલાવવી જોઈએ.

નારીને ભોગ્યાના રૂપમાં રજૂ કરીને તેને અપમાનિત, પતિત બનાવનાર કામુક પ્રચારને અટકાવવામાં આવે. સાહિત્ય, ચિત્ર, ફિલ્મ, ગીત વગેરે માધ્યમો દ્વારા નારીને વાસનાની પૂતળી તરીકે રજૂ કરવામાં શાલીનતાની બધી જ મર્યાદાઓ તોડવામાં આવી રહી છે. આ પ્રવૃત્તિઓનો જોરદાર વિરોધ કરવામાં આવે. નારીને ફૂવડ, ઉત્તેજક તથા શણગારની સજાવટમાં સમાયેલી આત્મહીનતામાંથી મુક્ત કરવામાં આવે. નરની જેમ નારીને પણ માત્ર મનુષ્ય જ રહેવા દેવાનું વાતાવરણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનાવવામાં આવે. તેને વાસનાની પૂતળી તરીકે રજૂ કરનાર બધા જ પ્રયાસો વિરુદ્ધ જોરદાર વિરોધ ઊભો કરીને તેને નાબૂદ કરવામાં આવે. નારીને દુઃખદ પરિસ્થિતિમાં ધકેલી દેનાર અશ્લીલતા તથા દહેજ, બાળવિવાહ,કજોડાં લગ્ન જેવા કુરિવાજોને રોકવા માટે સ્વયંસેવકોની એક સેના ઊભી કરવામાં આવે, જેથી જરૂર પ્રમાણે વિરોધના બધા જ યોગ્ય ઉપાયોની મદદ લઈ અનીતિને રોકી શકાય.

## (૧૫) સાદાં લગ્નો તથા દહેજ ઉન્મૂલન :

લગ્નોની પરંપરા આખી દુનિયામાં ચાલે છે. આ એક સામાન્ય અને સ્વાભાવિક સૃષ્ટિ-પ્રક્રિયા છે. આમાં નથી અનોખા પણું, નથી આશ્ચર્ય. બધે અવારનવાર લગ્નો થતાં રહે છે. આવા હસી-ખુશીના પ્રસંગે કેટલાંક મંગળ ગીતો, જલપાન, ઉત્સવ, ભેટસોગાદ જેવી નાની પ્રક્રિયાઓ થાય તો તે યોગ્ય પણ છે. દુનિયાભરમાં લગભગ આવું જ બને છે. મિત્રો અને સંબંધીઓની સાથે નાનો ઉત્સવ થાય છે અને ચાર-છ કલાકમાં પૂરો થઈ જાય છે.

આપણા દેશમાં આ સાધારણ જેવી બાબતને રાઈનો પર્વત બનાવી દેવામાં આવે છે. લગ્નોત્સવની વિશાળતા, ખર્ચાળ અને કૃત્રિમતાભરી ધામધૂમને એવું સ્વરૂપ આપી દેવામાં આવે છે, કે જાણે આકાશમાંથી ચાંદ-સૂરજ ઊતરીને જમીન પર આવવાના હોય ! આવી ધામધૂમ કોણ વધારે કરી શકે છે એ બાબતને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દેવામાં આવે છે અને એ દિવસોમાં લોકો ઉન્મત્ત જેવી મનઃસ્થિતિમાં જઈ પહોંચે છે. આવી બિનજરૂરી ધામધૂમથી કોનો ક્યો હેતુ સરે છે તેનો કોઈ વિચાર કરતું નથી. તેનાથી પણ વધુ મહત્ત્વપૂર્ણ કાર્ય માટે ધનની જરૂર છે. ઘર-પરિવારમાં શિક્ષણ, તંદુરસ્તી, ચિકિત્સા, વ્યવસાય વગેરે કેટલાંય અનિવાર્ય કાર્યો માટે પૈસાની જરૂર છે. આ બધાં કાર્યો અટકાવીને આવી ધૂમધામ પાછળ આંધળું ખર્ચ કરવામાં આવે છે, જાણે તે પૈસા મફતમાં, હરામના, ક્યાંક રસ્તા પરથી મળેલા હોય. જાનૈયાઓ એવા સજીધજીને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ફરતા હોય છે જાણે કોઈ નાટકમાં ઈન્દ્ર-કુબેરનો અભિનય કરવાનો હોય. બેન્ડવાજાં, ધૂમધડાકા જોઈને એવું લાગે છે કે આ લોકો જાણે કોઈ મોટું યુદ્ધ જીતીને આવ્યા હોય.

મહિલા કલ્યાણની સંસ્થાઓના સહયોગથી જાગૃત મહિલાઓએ આ અંગે પગલાં ભરવાં જોઈએ અને સમાજનું માર્ગદર્શન કરવાની જવાબદારી નિભાવવી જોઈએ. આવો પ્રયાસ માત્ર ઠરાવ પસાર કરવાથી, ભાષણ આપી દેવાથી કે એકબીજા સાથે ચર્ચાઓ કરવાથી સફળ થઈ શકતો નથી. તેનો સીધો રસ્તો એ છે કે આપણામાંથી જેમના દીકરા લગ્ન કરવા યોગ્ય થયા હોય તેઓ એ વાતની પ્રતિજ્ઞા કરે કે તેઓ દહેજ અને ધૂમધામ વિનાનું સાદગીપૂર્ણ લગ્ન કરશે. છોકરાઓએ અને તેમના વાલીઓએ આગળ આવવું જોઈએ તથા તેના પર જ ભાર મૂકવો જોઈએ. ખર્ચાળ લગ્નો કરનાર અને દહેજ લેનારને જ નીતિ અને ન્યાય અપનાવવા માટે તૈયાર કરવા જોઈએ. મુશ્કેલી ત્યારે જ પડે છે, જ્યારે આપણામાંથી કેટલાક લોકો બેવડા ચહેરા ધારણ કરે છે. દીકરી જ્યારે પરણાવવા લાયક બને છે ત્યારે આદર્શવાદનું સમર્થન કરે છે અને જ્યારે દીકરો પરણાવવા લાયક બને છે ત્યારે કાચંડાની જેમ તરત જ રંગ બદલી નાંખે છે.

આજે જે રીતે આડંબર, અહંકાર અને તામસિક વાતાવરણમાં વિવાહ-લગ્નો થાય છે, તે જોઈને કોઈ પણ રીતે એવું ન કહી શકાય કે આ બે આત્માઓના સમર્પણ માટે આયોજિત સર્વમેધ-યજ્ઞનું ધર્માનુષ્ઠાન છે. એ દિવસોમાં તો તમોગુણની ઘટા છવાયેલી રહે છે. અશ્લીલ ગીત, ગંદી અને હલકી મજાક, પાન, બીડી, ભાંગ-દારૂની ધૂમ વગેરે જોઈને તેની સરખામણી યજ્ઞ સાથે કેવી રીતે થઈ શકે ?

આ નાનકડું ધાર્મિક કાર્ય એ માનવજીવનની એક સાધારણ જરૂરિયાત છે. જેવી રીતે મુંડન, અન્નપ્રાશન, વિદ્યારંભ, જનોઈ, વાનપ્રસ્થ વગેરે સંસ્કારો કરવામાં આવે છે, એવી જ રીતે લગ્ન પણ એક સાધારણ પ્રકારનું ધર્માનુષ્ઠાન છે. તેમાં સંસ્કારનું કંઈક મોટું આયોજન હોઈ શકે, હર્ષોલ્લાસનું નાનુંમોટું આયોજન પણ હોઈ શકે, પણ એ એટલું ખર્ચાળ અને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઝંઝટભરેલું ક્યારેય ન હોવું જોઈએ કે જેથી આર્થિક દષ્ટિએ બંને પક્ષોનું કચુંબર નીકળી જાય.

## (૧૬) બાળ-સંસ્કાર શાળાઓ :

શિક્ષણ અને સ્વાસ્થ્ય સંવર્ધનની સંયુક્ત પ્રક્રિયા પહેલા ધોરણનાં બાળકોથી લઈ આઠમા ધોરણ સુધીનાં બાળકોથી શરૂ કરવામાં આવે. તેના માટે ટ્યુશન ક્લાસ શરૂ કરવામાં આવે. આજકાલ માત્ર સરકારી શાળાઓના શિક્ષણથી હવે કામ ચાલતું નથી. ટ્યુશનની મોટી ફી આપીને શિક્ષકોને ઘરે બોલાવવાની દરેક માબાપની મનઃસ્થિતિ કે પરિસ્થિતિ હોતી નથી. આવી પરિસ્થિતિમાં બાળકોને સારા ટકા સાથે ઉત્તીર્ણ થવું અઘરું પડે છે. પોતાની જાતે એકલા વાંચી શકે તેવો તેમનો સ્વભાવ હોતો નથી. નાપાસ થવાના કે ઓછા ટકા આવવાના ડરથી તેમનું મનોબળ તૂટી જાય છે અને કેટલાંય બાળકો કાયમ માટે ભણવાનું છોડી દે છે. આ મુશ્કેલીઓનો ઉપાય એક જ છે કે શાળા સિવાયના સમયમાં સ્વયંસેવી સંસ્થાઓ દ્વારા બાળ-સંસ્કારશાળાઓ ચલાવવામાં આવે, જેમાં કોઈ જાતની ફી લેવામાં ન આવે. આવી પાઠશાળામાં અનેક વિદ્યાર્થીઓ આગ્રહપૂર્વક સામેલ થશે. સાધારણ લોકો પણ રાજીખુશીથી પોતાના બાળકોને મોકલશે. આમ પણ શાળા સિવાયના સમયમાં બાળકો ધમાલ-મસ્તી કરે છે, રખડપટ્ટી કરે છે અને કુસંગમાં પડીને ભવિષ્ય બગાડે છે. આવી ઝંઝટમાંથી બચવા માટે પણ બાળકો આવા બાળસંસ્કાર નિમિત્તે બનાવવામાં આવેલી પ્રજ્ઞા પાઠશાળાઓમાં ભણવા જાય એ તેમના હિતમાં છે. આમાં સારા ટકાએ પાસ થવાનો તેમ જ સંસ્કાર પ્રાપ્ત કરવાનો બેવડો લાભ મળે છે.

જે રીતે બીજાં કામો માટે વિચારશીલ ઉદારચેતાઓ પાસેથી સમયદાન માગવામાં આવે છે, એવી જ રીતે આ સંસ્કારશાળાઓમાં વિના મૂલ્યે ભણાવવા માટે જેને આવાં કાર્યોમાં રસ હોય તેવા પુરુષાર્થીઓ પાસે સમયદાન માટે આગ્રહ કરી શકાય છે. સેવાનિવૃત્ત લોકો જ આમાં રસ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દર્શાવે એ જરૂરી નથી. નોકરી-ધંધો કરતા રહેવા છતાં પણ આ હેતુ માટે સમયદાન આપનારા અને પાઠશાળાના સમયે ભણાવવા માટે આવી શકે તેવા લોકો તપાસ કરવાથી જરૂર મળી શકે છે.

આ હેતુ માટે સ્થળની દૃષ્ટિએ કોઈ સંસ્થાનો હૉલ, વરંડો કે આંગણું ઉત્તમ છે. તેનાથી ઉપયોગી સેવા-સાધનામાં લાગેલી સંસ્થાઓની ગરિમા વધે છે અને લોકોની સહાનુભૂતિ પણ પ્રાપ્ત થાય છે. બાળકોથી પ્રયત્ન શરૂ કરવો એટલા માટે સરળ છે કે તેની વ્યવસ્થા કરવામાં કોઈ ખાસ મુશ્કેલી પડતી નથી.

## (૧૭) પ્રૌઢ પાઠશાળાઓ :

પ્રૌઢ શિક્ષણ એ સૌથી મહત્ત્વનો પ્રશ્ન છે. અપરિણીત કે નાની ઉંમરની છોકરીઓ તો શાળાનો લાભ લઈ શકે છે, પરંતુ જેમની ઉંમર વધારે થઈ ગઈ છે, જેઓ પરિણીત છે, જેમને ઘર-પરિવાર સંભાળવાનાં છે, તેમને પણ અભણ રહેવા દઈ શકાય નહિ. આજે જેમને સામાજિક ભૂમિકા નિભાવવી પડે છે, જેમનો પ્રભાવ છે, જેઓ સમર્થ છે, આજની સમસ્યાઓ તેમનાથી જ ઉત્પન્ન થાય છે અને તેમનાથી જ ઉકલી શકે છે. નાની છોકરીઓ મોટી થઈને પંદર-વીસ વર્ષ પછી પ્રભાવશાળી બને, ત્યાં સુધી આજની પેઢીની અભણ મહિલાઓને ઉપેક્ષિત રાખી શકાય નહિ. આજની સમર્થ નારીને આજે જ શિક્ષણહીનતાની ચુંગાલમાંથી છોડાવવી જોઈએ.

પ્રૌઢ મહિલાઓ પાસે મોટે ભાગે સાંજના પહોરે બે થી પાંચ સુધી, ત્રણ કલાક જ નવરાશના હોય છે. આ સમયે દરેક જગ્યાએ સુવ્યવસ્થિત મહિલા પ્રૌઢ-વિદ્યાલય ચાલવાં જોઈએ. તેની ચોક્કસ યોજના બનવી જ જોઈએ. તેના માટે જે પણ સાધનો મેળવવાની જરૂરિયાત હોય, તે મેળવવાં એ સમયની અનિવાર્ય માગ સમજવી જોઈએ. તેના માટે ભાવનાશીલ પુરુષોએ તન-મન-ધનથી ઉદારતાપૂર્વક સહયોગ આપવો જોઈએ.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ્યાં મહિલા સંગઠન હોય ત્યાં તેના માટે સારામાં સારી વ્યવસ્થા બનાવવી જોઈએ. જ્યાં સંસ્થાનું પોતાનું મહિલાભવન બની શકે ત્યાં તેના માટે પ્રયત્ન કરવામાં આવે. આ નિર્માણ મંદિર, ધર્મશાળા, તળાવ, અન્નક્ષેત્ર વગેરે પુણ્યના નામે કરવામાં આવતાં બધાં નિર્માણ કરતાં અનેકગણું વધારે પુણ્ય અને સત્પરિણામ પેદા કરનારું નીવડશે. આ કારણે નિર્માણકર્તાઓને તેમાં વધારે શ્રેય પ્રાપ્ત થશે. ઉદાર અને પ્રભાવશાળી લોકો જો આ નિર્માણની ઉપયોગિતા સમજી શકે તો તેમની મદદથી અથવા તો જનતાનો મુઠ્ઠી-મુઠ્ઠી સહયોગ ભેગો કરી આવું નિર્માણ દરેક સ્થળે થઈ શકે છે. સંપન્ન અને ભાવનાશીલ લોકો સુધી આ અવાજ પહોંચાડવો જોઈએ. જેના કાને આ વાત પડે, તેઓ જો નારી જાગરણની જરૂરિયાત અનુભવી શકે, તો તેમણે આવું નિર્માણ કાર્ય કરવા કે કરાવવા માટે સંકલ્પ લઈ જ લેવો જોઈએ. તેના માટે સમય તથા ધન આપવા માટે વધારે ઉદારતાનો પરિચય આપવો જોઈએ. આવા શુભ સંકલ્પોમાં ઈશ્વરીય સહાયતા મળે છે. આદર્શ અને પુરુષાર્થનો સમન્વય હમેશાં સફળતા અપાવે છે. સંપન્ન અને પુરુષાર્થી લોકોનું સાહસ તેમ જ ઉત્સાહ જાગી જાય તો થોડાક જ સમયમાં દરેક સ્થળે એક સાધન-સંપન્ન મહિલાભવન બનીને ઊભું ન થઈ જાય એવું કોઈ કારણ નથી.

જો આવું ન બની શકે તો માગીને કે ભાડેથી કોઈ જગ્યા લઈને આ નારી પ્રૌઢ-શિક્ષણનું પુનિત કાર્ય સત્વરે શરૂ કરી દેવું જોઈએ. મંદિરોમાં, ધર્મશાળાઓમાં તથા અન્ય સાર્વજનિક સંસ્થાઓમાં ઘણી બધી જગ્યા ખાલી પડેલી હોય છે. શાળાઓના ઓરડાઓનો પણ આ કાર્ય માટે ઉપયોગ કરી શકાય છે. જ્યાં જેવી સુવિધા હોય ત્યાં તેનો લાભ લઈ શકાય.

આપણા પ્રૌઢ મહિલા વિદ્યાલયોમાં શિક્ષણ, સ્વાવલંબન અને સર્વતોમુખી પ્રગતિના ત્રણ ક્રિયાકલાપ સંયુક્ત રીતે ચલાવવા જોઈએ. શિક્ષણનું પહેલું પગથિયું નિરક્ષરતા નિવારણ અને બીજું સદ્જ્ઞાન વધારવાનું રહેવું જોઈએ. જે મહિલાઓ નિરક્ષર છે, તેમને સાક્ષર બનાવવી જોઈએ. સરકારી પ્રાથમિક શાળાના પાંચમા ધોરણ જેટલું શિક્ષણ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દરેક નારીને મળવું જ જોઈએ. તેના માટે સ્થાનિક પ્રાથમિક શાળાઓમાં ચાલતા પાઠ્યક્રમને જેમનો તેમ લઈ શકાય છે. બીજો સદ્જ્ઞાન સંવર્ધન માટેનો પાઠ્યક્રમ શિક્ષિત અને અભણ બંને માટે સમાન રીતે જરૂરી છે. આ પાઠ્યક્રમનો ઉદ્દેશ્ય જીવનના જુદા જુદા પક્ષો, તેની સમસ્યાઓ અને સમાધાનોની જાણકારી આપવાનો હોવો જોઈએ. વ્યક્તિ, પરિવાર અને સમાજ દરેકની બાબતમાં તથ્ય, તર્ક અને પ્રમાણ સાથે શિક્ષણ આપવું જોઈએ. જીવન જીવવાની કળા, બાળકોનું પાલન-પોષણ, ઘરની વ્યવસ્થા, આવક-ખર્ચનું સંતુલન, રોજિંદા જીવનમાં કામ આવનારું સામાન્ય જ્ઞાન, રસોઈ કરવાની સુધારેલી રીતો, સ્વાસ્થ્ય રક્ષા, શિષ્ટાચાર, રોગીઓની દેખભાળ, સફળ દાંપત્યજીવનનાં સૂત્રો, પરિવારના સભ્યોમાં ભાવનાત્મક એકતા જાળવી રાખવાની રીત, પોતાના ગુણ, કર્મ અને સ્વભાવનો પરિષ્કાર, જીવનનું લક્ષ્ય અને તેને પામવાનો ક્રમ, હસતાં-હસાવતાં જીવન જીવવાનો દૃષ્ટિકોણ, વ્યક્તિત્વને પ્રતિભાશાળી બનાવવું, પરિવાર સંસ્થાનું નવનિર્માણ, નારીની પ્રગતિ કેવી રીતે થાય, તેની દિશા, સંભાવના અને યોજના, અધ્યાત્મનું વ્યાવહારિક રૂપ જેવા અનેક વિષયો આ જ્ઞાન-સંવર્ધન પાઠ્યક્રમમાં સામેલ રહેવા જોઈએ.

પ્રૌઢ શિક્ષણની સાથેસાથે ગૃહ ઉદ્યોગોનું પ્રશિક્ષણ પણ ચલાવવું જોઈએ. તેનાથી આર્થિક પ્રગતિની સાથેસાથે બીજા પણ લાભો મળે છે. બુદ્ધિમાં તીવ્રતા આવે છે રચનાત્મક પ્રવૃત્તિઓ વધારવામાં પણ ખૂબ મદદ મળે છે. જાપાન કુટિર ઉદ્યોગોમાં આગળ પડતો દેશ છે, જ્યાં દરેક ઘર એક નાનું કારખાનું છે. ઘરના બધા લોકો નવરાશના સમયે કંઈક કામ કરતા હોય છે અને પૈસા કમાતા હોય છે. નવરા બેસી રહેવાથી જે જાતજાતના દુર્ગુણો ઉત્પન્ન થાય છે, તેની કોઈ સંભાવના રહેતી જ નથી. કમાણીની ક્ષમતા વધવાથી માણસોનો આત્મવિશ્વાસ વધે છે અને આગળ વધવાનો ઉત્સાહ પેદા થાય છે. આપણા દેશમાં કુટિર ઉદ્યોગોના વિકાસની ખૂબ વધારે જરૂર છે. સીવણ, ગૂંથણ, રમકડાં, તૂટેલી ચીજોનું સમારકામ, શાકવાટિકા તથા સ્થાનિક સ્થિતિને અનુરૂપ દરેક ક્ષેત્રમાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનેક ઉદ્યોગો શક્ય બની શકે છે. આમાંથી જ્યાં જે યોગ્ય લાગે તેનો આ ગૃહઉદ્યોગ વિભાગમાં સમાવેશ કરી શકાય છે.

આ શિક્ષણમાં સંગીતનો પણ સમાવેશ કરવો જોઈએ. સદ્ભાવ સંવેદનાઓને તરંગિત કરવા માટે સંગીત કરતાં વધારે સરસ-સરળ અને સફળ માધ્યમ બીજું કોઈ નથી. તેના માટે સુગમ સંગીત પદ્ધતિમાં ગાવા તથા વગાડવામાં જ્યાં જે વાજિંત્રો પ્રચલિત હોય ત્યાં તેનું પ્રશિક્ષણ આપી શકાય છે. સંગીત અને ભાષણ બંનેને માત્ર મનોરંજન કળા જ નહિ, પરંતુ જીવનની ઉપયોગી શક્તિઓ માનવી જોઈએ. આ બંનેનો ઉપયોગ જનમાનસમાંથી અવાંછનીયતાને ઉખાડી ફેંકવા માટેના એક શક્તિશાળી હથિયાર તરીકે થાય છે. આપણી પ્રૌઢ પાઠશાળાઓમાં આ બંને કળાઓનું શિક્ષણ આપવું જોઈએ અને આ શક્તિઓનો યોગ્ય વિકાસ કરવો જોઈએ.

આ તો પ્રૌઢ મહિલા વિદ્યાલયનો એ ભાગ થયો, કે જેમાં બેથી પાંચના સમયમાં રોજ શાળાની જેમ ભણાવવામાં આવશે. સાક્ષરતા, કુટિર ઉદ્યોગ, સામાન્ય જ્ઞાન, ભાષણ, સંગીત વગેરે એ પાઠ્યક્રમનાં અંગો છે, જેને વિદ્યાલયની ચાર દીવાલો વચ્ચે ભણાવવામાં આવશે. તેનાથી આગળનું પ્રશિક્ષણ એ છે જેમાં ઘરેઘરે જઈને લોકોનો સંપર્ક કરી આપવામાં આવશે. સંગઠન, સાપ્તાહિક, સત્સંગ, સંસ્કાર, તહેવાર, કથાઓ, પરિવાર ગોષ્ઠિ, ફરતું પુસ્તકાલય- જેવી પ્રચારાત્મક અને રચનાત્મક ગતિવિધિઓ એવા પ્રકારની છે, જેને લોકસંપર્ક દ્વારા જ આગળ વધારી શકાય છે. સામાજિક કુરિવાજો, અંધવિશ્વાસ, ખોટી પરંપરાઓ, અનીતિ અને અવાંછનીયતાઓ આપણા સમાજમાં એટલી બધી છે કે તેના વિરુદ્ધ સંઘર્ષ કર્યા વિના છૂટકો જ નથી. જેમજેમ આપણું સંગઠન મજબૂત બનતું જશે તેમ તેમ વિવાહોન્માદ, દહેજ, બાળલગ્ન, પડદાપ્રથા, મૃત્યુભોજન જેવી કુરીતિઓ સામે ઝઝૂમવા માટેનો મોરચો તીવ્ર બનાવવો પડશે. આ બધી ગતિવિધિઓનું કેન્દ્ર આપણું મહિલાભવન જ બની શકે છે. શિક્ષણ, સ્વાવલંબન અને સર્વતોમુખી પ્રગતિની ત્રણે ધારાઓનું ઉદ્ગમ આ જ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નાનું ભવન હશે. આ ત્રણે ધારાઓ પરસ્પર મળીને પતિતપાવની ગંગાની જેમ પ્રવાહિત થશે. આ ધારા સગરપુત્રોની જેમ નરકની આગમાં બળતા જનસમાજને સ્વર્ગ જેવી પરિસ્થિતિમાં બદલી દેવાનો લાભ આપી શકશે.

## (૧૮) બધી જ મહિલાઓ સહયોગ કરે :

મહિલાઓમાં દરેકની પાસે પૂરતો સમય હોય છે અને સાધન તથા તક પણ. તેઓ ઈચ્છે તો ગૃહસ્થની જવાબદારીઓ સંભાળવાની સાથે સમસ્ત નારી જાતિ અને ખુદ પોતાના માટે પણ વિચારી શકે છે. સમય ઓછો મળતો હોય તો પોતાના પરિવારના અન્ય લોકોને નારી જાગરણની દિશામાં કંઈક સમય ફાળવવા અને ધ્યાન આપવાની પ્રેરણા આપી શકે છે. જેની પાસે સાધનો છે તેમણે આ પુણ્ય પ્રયોજન માટે લગાવવાની વાત વિચારવી જોઈએ. જેમની જવાબદારીઓ પૂરી થઈ ગયેલી છે, તેઓ નારી સમાજના વિકાસ માટે પોતાની જાતને ખપાવી દેવાનું સાહસ કરી શકે, તો એમાં એનું સમસ્ત સમાજનું હિત સાધી શકાશે.

મોટા ઘરની સુશિક્ષિત સ્ત્રીઓ, જેમના ઘરમાં નોકર-ચાકર કામ કરે છે, તેમણે સેવા માટે સમય કાઢવો જોઈએ. જેના ઉપર ખાસ કોઈ જવાબદારી નથી, તેઓ ઘણી સરળતાથી નારી કલ્યાણના કાર્યમાં સહયોગ કરી શકે છે. અમસ્તા આળસમાં પડ્યા રહેવાથી સમય વેડફાય છે અને સ્વાસ્થ્ય પણ ખરાબ થાય છે. સમયનો સદુપયોગ તેમની લોકપ્રિયતાના રૂપમાં ફળીભૂત થશે. પ્રતિષ્ઠિત પરિવારની મહિલાઓ ખુદ પોતાનાં કાર્યોથી સન્માનિત થઈને પતિની પ્રતિષ્ઠાને બમણી કરી શકે છે. આવા પ્રસંગે શિક્ષિત મહિલાઓએ પોતાના સમયને નારી સુધારણાના કામોમાં લગાવીને લાભ ઉઠાવવો જોઈએ.

વિધવાઓ, ત્યક્તાઓ મોટેભાગે ભારરૂપ જીવન જીવતી હોય છે. સંતાન ન હોવાના કારણે અથવા કદરૂપી હોવાના કારણે કેટલીય બહેનો ડગલે ને પગલે તિરસ્કૃત થાય છે. આવી કષ્ટદાયક સ્થિતિમાં રહેવા કરતાં, નારી જાગરણની તપશ્ચર્યામાં પોતાની જાતને લગાવી દેવી એ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વધારે શ્રેયસ્કર છે. કોઈના માટે ભારરૂપ બનવા કરતાં, બીજા કોઈનો ભાર ઓછો કરીએ એ વધારે સારું છે. આત્મહત્યા જેવા ઘૃણિત ઉપાયો વિચારવા કરતાં આવા સેવાયજ્ઞમાં જોડાઈ જવું એ દરેક દૃષ્ટિએ યોગ્ય છે. આર્થિક મુશ્કેલીઓ કે કુરૂપતાના કારણે જે છોકરીઓનાં લગ્ન થઈ શક્યાં નથી અથવા તો બીજાના નિષ્ફળ લગ્ન-જીવનમાંથી બોધપાઠ લઈ અપરિણીત રહેવા ઈચ્છતી શિક્ષિત કન્યાઓ જો આ મહિલા જાગરણમાં જોડાઈ જાય તો આ યુગની મહત્ત્વપૂર્ણ જરૂરિયાત પૂરી કરી શકવા લાયક જનશક્તિ સહેલાઈથી એકઠી થઈ શકે છે.

સ્ત્રીઓની સુધારણાના પુણ્ય પ્રયાસ માટે ભણેલીગણેલી મહિલાઓ, શિક્ષિકાઓએ પોતાના કર્તવ્યનું પાલન કરવું જોઈએ. કન્યાઓને ભણાવવાના કારણે તેમના પરિવાર સાથે શિક્ષિકાઓનો સહ-સંબંધ બંધાય છે, આથી ઘરનો પુરુષ વર્ગ તેમના પર વિશ્વાસ ધરાવે છે. તેઓ તેને બિલકુલ યોગ્ય સમજશે અને તેનો વિરોધ નહિ કરે. શિક્ષિકાઓએ પોતાની આ વિશ્વસનીય સ્થિતિનો લાભ ઉઠાવવો જોઈએ અને તેનો ઉપયોગ સમાજની પછાત સ્ત્રીઓની સુધારણા માટે કરવો જોઈએ. શિક્ષિકાઓ સીધી ઘરમાં જઈ મહિલાઓ સાથે નિઃસંકોચ સંપર્ક કરી શકે છે. ઘરમાં પહોંચીને તેઓ મહિલાઓને શિક્ષણનું મહત્ત્વ જણાવે અને જે મહિલાઓ તથા છોકરીઓ હજુ ભણવા જતી નથી, તેમને શાળાએ જવા માટે પ્રેરિત કરે. આર્થિક સ્થિતિ નબળી હોય તો ફી માફી અને પુસ્તકો લાવી આપવાનું આશ્વાસન આપી શકાય. જો શિક્ષિકાઓ ઘરેથી છોકરીઓને લાવવા-લઈ જવાનું કાર્ય પણ નિશ્છલ સેવાભાવથી કરે, તો ઘરના લોકોમાં અનુકૂળ પ્રભાવ પડશે. છોકરીઓને બહાર મોકલવામાં સંકોચ કરતી મહિલાઓ તેમને શાળાએ મોકલવા માટે તૈયાર થઈ જશે.

સેવાનિવૃત્ત શિક્ષિકાઓ આગળ આવે અને પોતાના વ્યક્તિગત અનુભવોના આધારે મહિલાઓને શિક્ષણના લાભો જણાવે. મહિલાઓને ભેગી કરીને સવારે, સાંજે અથવા અનુકૂળ સમયે પાઠશાળા ચલાવવાનું શરૂ કરે. તેમને જાતે ભણાવે અથવા ભણાવવાની વ્યવસ્થા કરીને આગળ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વધારવાનો પ્રયત્ન કરે. જો કોઈ સેવાનિવૃત્ત શિક્ષિકા કોઈ વિસ્તારમાં એક પણ પ્રૌઢશાળા સ્થાપી શકે તો તેણે ઈતિહાસમાં પોતાનું એક સ્થાયી સ્મારક બનાવી દીધું એમ માનવું. જે તેને આ લોકમાં જ નહિ, પણ પરલોકમાં પણ હર્ષિત કરશે અને સુખ આપશે.

સાક્ષરતાની સાથેસાથે તહેવાર, ઉત્સવ તથા લગ્ન પ્રસંગે ગાવામાં આવતાં સુંદર અને અર્થપૂર્ણ ગીતો પણ શીખવાડી શકાય છે. કીર્તનોનો અભ્યાસ કરાવી શકાય છે. તેમને ઘરની સાજ-સજાવટ, ગૃહ-વ્યવસ્થા, પારિવારિક પ્રેમ, શીલ-શાલીનતા, સ્વચ્છતા અને સફાઈનું શિક્ષણ ઉદાહરણો, કાર્યક્રમો અને ઉપદેશો દ્વારા આપી શકાય છે.

જેમનો અભ્યાસ વચ્ચેથી છૂટી ગયો હોય તેવી છોકરીઓ કે મહિલાઓને આગળના અભ્યાસ માટે પ્રેરિત કરવી જોઈએ. શાળા, કોલેજ તથા વિદ્યાલયની સેવાભાવી વિદ્યાર્થિનીઓ પોતાના અભ્યાસ પછી, સમય કાઢી પોતાની આસપાસ તથા પરિચિતોમાં જઈને મહિલાઓ તથા છોકરીઓનો સંપર્ક કરે. પોતાના શાલીન વ્યવહારથી એવી છાપ ઊભી કરે કે શિક્ષણથી નારીની વિચારસરણીનો વિકાસ થાય છે. સંકીર્ણતા દૂર થાય છે. તે કર્તવ્ય અને અધિકારોને જાણે છે તથા તેનો યોગ્ય ઉપયોગ કરી શકે છે. શિક્ષણથી નારીની મૂઢમાન્યતાઓ અને અંધવિશ્વાસ દૂર થાય છે. વિદ્યાર્થિનીઓ એવો વિશ્વાસ પણ અપાવે કે શિક્ષણથી આત્મામાં પ્રકાશ અને હૃદયમાં આત્મબળ વધે છે, જેનાથી તેને નથી અપ્રિય પરિસ્થિતિઓ ડરાવી શકતી, નથી કોઈ દગો કરી શકતું. શિક્ષણ તેમને આત્મરક્ષણનું બળ પ્રદાન કરે છે.

આવી રીતના શિક્ષણની સાથે મોટા ઘરની પ્રગતિશીલ મહિલાઓ પછાત મહિલાઓને વિકસિત કરવા માટે બીજાં કામો પણ કરી શકે છે. જેમ કે, ઘરની વ્યવસ્થામાં કુશળ બનાવવા, પારિવારિક બજેટ બનાવવાની રીત શીખવવી, પોતાને તથા બાળકોને સાફસૂથરાં રાખવાની પ્રેરણા આપવી વગેરે જેવાં કામો કરી શકે છે. મહિલાઓને સભ્યતા, શાલીનતા તથા સહનશીલતાનું શિક્ષણ આપી શકે છે. બાળકોને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનુશાસનની સાથેસાથે સાક્ષર પણ બનાવી શકે છે. નારી સુધારણાની જે કોઈ પ્રવૃત્તિઓ તેમની સમજમાં આવે તે બધી નારીઓમાં ચલાવી શકે છે.

મોટા ઘરની મહિલાઓ સિવાય સાધારણ ઘરની પ્રૌઢ તથા વૃદ્ધ મહિલાઓ પણ નારી જાગરણના ક્ષેત્રમાં કામ કરી શકે છે. તેઓ ઘેરઘેર જઈ વહુ-દીકરીઓને સમજાવવા, શીખવવાની સાથેસાથે પોતાના જેવી જ મોટી-વૃદ્ધ સ્ત્રીઓને પોતાનું મુખ્ય કાર્યક્ષેત્ર બનાવે. પોતાના અનુભવથી તેમને ઉદાર તથા વિચારશીલ બનાવે. ઘરની મોટી સ્ત્રીઓ તથા વહુઓ વચ્ચે સદ્ભાવના સ્થાપિત કરાવે. સાસુ-વહુના સ્વાભાવિક ઝગડા પોતાના અનુભવના આધારે બંધ કરાવે. પોતાનું તથા પોતાના જેવાં અન્યનું ઉદાહરણ આપી મોટી ઉંમરની મહિલાઓને સમજાવવું જોઈએ કે સમય આવ્યે વહુ-દીકરીઓને ઘરની જવાબદારી સોંપવાથી તેમના જીવનમાં કેવી રીતે સુખશાંતિ રહેવા લાગશે. પરિવારની અધિકાર-લિપ્સામાંથી મુક્ત થઈને ભગવાનનું ભજન કરી શકશે. આ રીતે તેમનું સન્માન ઘટવાને બદલે વધશે. પરિવારની સુખશાંતિ તેમ જ મંગળકામનાઓ માટે સદ્ભાવના તથા સહમતીનું મહત્ત્વ સમજાવે. ભણેલી પ્રચારક સ્ત્રીઓ ઉપયોગી પુસ્તકો સંભળાવે તથા વાર્તાલાપ કરે. આ રીતે વૃદ્ધપ્રચારિકાઓ ઘરની રૂઢિચુસ્ત વૃદ્ધાઓમાં ઉદાર તથા પ્રગતિશીલ વૃત્તિઓ જગાવી મહિલા કલ્યાણના માર્ગમાં આવનારા ઘણા બધા અવરોધોને દૂર કરી શકે છે.

## (૧૯) મહિલા વર્ગ દ્વારા સદ્જ્ઞાનનો પ્રચાર-પ્રસાર :

નિરક્ષર મહિલાઓ સાક્ષર બનવાનો પ્રયત્ન કરે અને ભણેલી ગણેલી બહેનો જ્ઞાનસંપદા વધારવા માટે ઉપયોગી સાહિત્યનું અધ્યયન કરે. એવું સાહિત્ય જ વાંચવું જોઈએ કે જે અનુભવી, યુગદ્રષ્ટા દ્વારા જ લખાયેલું હોય, વ્યાવહારિક શિક્ષણ આપવામાં સમર્થ હોય. દરેક જગ્યાએ નાનાં નાનાં પુસ્તકાલયોની સ્થાપના થવી જોઈએ, જેમાં મહિલાઓની સમસ્યાઓનું સમાધાન કરે તેવું ઉપયોગી સાહિત્ય પૂરતા પ્રમાણમાં હોય.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**જ્ઞાનયજ્ઞની યોજનાઓ** :- દીવાલ લેખન, સ્ટીકર અભિયાન, ઝોલા પુસ્તકાલય, માતા ભગવતી સ્વચાલિત પુસ્તકાલય વગેરે કાર્યક્રમો દ્વારા સામાન્ય જનતાની માનસિકતા તેમ જ સત્પ્રવૃત્તિ વધારવા માટે મહિલાઓ આ કાર્યોને હાથમાં લઈ શકે છે. કેટલાંક આકર્ષક સ્ટીકર કોઈના ડ્રોઇંગરૂમ, રસોડું, બેઠકખંડ તથા વ્યાપારિક સ્થળની શોભા વધારવા માટે લગાવી શકાય છે. પ્રભાવશાળી સદ્વાક્યોના સ્ટીકર લઈ જો કોઈ મહિલાઓ ઘરોમાં જઈ બહેનોનો સંપર્ક કરે, તો તેને ખરીદીને ઘરમાં લગાવનારની ખોટ નહિ પડે. બસ સ્ટેન્ડ, ઓફિસો, શાળાઓ તથા મંદિરોમાં લગાવી દેવામાં આવે તો ઘણું મોટું કામ થઈ શકે છે.

યુગઋષિ દ્વારા રચિત સાહિત્યનું મહત્ત્વ શાશ્વત-સનાતન છે. તે ક્યારેય જૂનું થતું નથી. જૂનાં સામયિકો અથવા પુસ્તકો પર જ્ઞાનયજ્ઞ યોજનાનો સિક્કો લગાવી મહિલાઓ દરેક વર્ગના લોકોને વાંચવા આપતી રહે.

ઝોલા પુસ્તકાલય ચલાવવું એ સૌથી મોટુ તપ, દાન, પુણ્ય, પરમાર્થ તેમ જ સૌથી મોટી સાધના છે. આ યોજનામાં થોડાક દિવસ માટે એક વ્યક્તિને પુસ્તક વાંચવા માટે આપવામાં આવે અને થોડા દિવસ પછી પાછું લઈને બીજું પુસ્તક આપવું. આ યોજનાને કોઈ પણ વ્યક્તિ અથવા મહિલા સહેલાઈથી ચલાવી શકે છે. બધી બહેનોએ ઝોલા પુસ્તકાલય અવશ્ય ચલાવવું જોઈએ. આ રીતે માતા ભગવતી સ્વચાલિત પુસ્તકાલય યોજનામાં પણ પુસ્તકો પર પોતાના નામ-સરનામાનો સિક્કો લગાવી મિત્રો, સંબંધીઓ, પરિચિતો તથા ગ્રાહકોને ભેટસ્વરૂપે આપી શકે છે. પર્વ-તહેવાર, જન્મદિવસ, લગ્નદિવસ વગેરે પ્રસંગે વિતરણ કરી શકે છે.

પૂજ્ય ગુરુદેવે મે-૧૯૮૧માં લખ્યું છે કે 'યુગશક્તિ ગાયત્રી' પત્રિકાને ધરતી પર સ્વર્ગના અવતરણની દિશાધારા, કાર્યપદ્ધતિ તેમ જ સંભાવના અંગે સૌની સામે રજૂ કરવા માટેનું કાર્ય સોંપવામાં આવ્યું છે. સૌ બહેનોને અમારી વિનંતી છે કે 'યુગશક્તિ ગાયત્રી' પત્રિકાના પોતે પણ સભ્ય બને અને બીજાઓને પણ પ્રેરણા આપીને વધુમાં વધુ ગ્રાહકો બનાવે તેમ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ પોતાની પત્રિકા બીજાને વંચાવવાનો પ્રયાસ કરે, જેથી નવી બહેનો મિશનની કાર્યકર્તા બની શકે. (વાર્ષિક લવાજમ- રૂા. ૬૫/-, આજીવન રૂા. ૧૨૦૦/-)

## પ્રતિભાઓને અનુરોધ :

જાગૃત અને જીવંત નારીઓએ નવયુગમાં અતિશય મહત્ત્વપૂર્ણ જવાબદારી સંભાળવાની છે એ દરેકે નિશ્ચિત પણે સમજી લેવું જોઈએ. જાગૃત મહિલાઓ આગામી દિવસોમાં દેશની આર્થિક પ્રગતિમાં ખૂબ જ યોગદાન આપવાની સ્થિતિમાં હશે. કુટિર ઉદ્યોગોનું સંચાલન મોટેભાગે તેમના જ હાથમાં હશે. પુરુષ વર્ગ વધુ મહેનતનાં કામો પોતાના માથે રાખશે અને ગૃહવ્યવસ્થા, શિશુપાલનની સાથેસાથે કુટિરઉદ્યોગો પણ નારી જ સંભાળી લેશે. ઘરમાં રહીને આવાં કામો કરવાં તેમના માટે સરળ થઈ પડશે. સહકારી સમિતિઓ જો તેમને કાચો માલ આપવાની અને તૈયાર માલ ખરીદીને બજારમાં વેચી આપવાની જવાબદારી પોતાના માથે લે, તો નાના-મોટા અસંખ્ય ગૃહઉદ્યોગોનો વિકસતા જોવા મળશે. નારીની બેકારી, લાચારી અને ગરીબી આ ઉપાયથી દૂર થઈ શકશે. પરિવાર માટે વધારાની આવકનો સ્રોત ખૂલી શકશે. પરિણામે દેશની સંપન્નતામાં નિશ્ચિત પણે વધારો થશે.

આજકાલ રાજકારણના ક્ષેત્રમાં ખૂબ જ ખેંચાખેંચી ચાલી રહી છે. તેના સમાધાનનો સરળ ઉપાય એ છે કે શાસકીય વહીવટમાં મહિલાઓને પણ ચૂંટીને મોકલવામાં આવે. તેમની જન્મજાત સહૃદયતા તેમ જ ઉદારતાનો સમાવેશ જ્યારે રાજકારણમાં થશે, ત્યારે રાજનીતિ પણ ધર્મનીતિની જેમ પવિત્ર બની જશે. પુરુષોએ લાંબા ગાળા સુધી શાસનનાં સૂત્રો સંભાળ્યાં છે. હવે તેનો અનુભવ નારીને આપવા માટે પોતાની પકડ કંઈક ઢીલી કરવી જોઈએ. નગર ક્ષેત્ર, મ્યુનિસિપલ બોર્ડ, જિલ્લા પરિષદ, વિધાનસભા તથા લોકસભા વગેરેમાં તેને સ્થાન આપવું જોઈએ, જેથી સત્તા કોઈ ખાસ વર્ગની માલિકીની નથી અને તેના સંચાલન-



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નિભાવની જવાબદારી બીજાઓને આપવાની ઉદારતાનો પ્રારંભ થઈ ગયો એવી આશાનો ઉદય થઈ શકે.

સાહિત્ય અને કળાના ક્ષેત્રમાં નારીનો પ્રવેશ થશે તો નિશ્ચિત પણે તે પોતાની શાલીનતા જાળવી શકશે. તેની કલમથી અશ્લીલતા, કામુકતા અને અપરાધી વૃત્તિઓ વિકસાવનારું હલકું સાહિત્ય લખી શકાશે નહિ. તે જે કાંઈ લખશે, તે પોતાના પિતા, પતિ, ભાઈ અને પુત્રમાં સદ્ભાવના ઉત્પન્ન કરનારું જ હોઈ શકે. પ્રેસ, પ્રકાશન, પત્રકારત્વ, સાહિત્ય વેચાણના ક્ષેત્રમાં નારીને વર્ચસ્વ સોંપવું એટલા માટે જરૂરી છે કે આજે આ ક્ષેત્રોમાં પ્રવેશી ગયેલી વિકૃતિઓનું નિરાકરણ સંભવ બની શકે.

પ્રગતિશીલ લેખકવર્ગને વિનંતી કરવામાં આવે કે તેઓ નારી ઉત્થાનની સમસ્યાઓ પર એવા લેખો લખવાનું શરૂ કરે, જે નારી પ્રત્યે શ્રદ્ધા, પવિત્રતા અને શાલીનતાની દૃષ્ટિ વિકસાવે. તેને દેશની બધી પત્રિકાઓમાં પ્રકાશિત કરાવે.

સાહિત્ય પ્રકાશકો અને ચિત્ર પ્રકાશકોને કહેવામાં આવે કે તેઓ નારી ઉત્કર્ષની જરૂરિયાતને પૂરી કરવા માટેનું સાહિત્ય રચવાનું અને છાપવાનું સાહસ કરે. ઉત્તેજક અને અશ્લીલ ચિત્રો બનાવવાનું બંધ કરે, ભલે કમાણીની દૃષ્ટિએ તેમાં થોડું નુકસાન જાય.

પત્ર-પત્રિકાઓના સંચાલકો, સંપાદકોને આગ્રહ કરવામાં આવે કે તેઓ નારીના સામાજિક ઉત્કર્ષની જરૂરિયાત પર ધ્યાન આપે અને તેના માટે ઉપયોગી સામગ્રી નિયમિત રીતે બધી ભાષાઓમાં પ્રકાશિત કરે. આને એક પવિત્ર સામાજિક કર્તવ્ય સમજીને હાથમાં લેવું જોઈએ.

ભાવનાઓ વિકસાવવાની દૃષ્ટિએ ગીતો અને કવિતાઓના રચયિતાઓ એવું સર્જન કરે, જે નારીની સમસ્યાઓના વિભિન્ન પક્ષો પર જનસાધારણનું ધ્યાન આકર્ષિત કરી શકે.

ફિલ્મ નિર્માતાઓને વિનંતી કરવામાં આવે કે તેઓ નારીની દુર્ગતિ પ્રત્યે કરુણા, પ્રતિબંધો પ્રત્યે આક્રોશ અને પરિવર્તનનું માર્ગદર્શન કરે તેવી વાર્તાઓ બનાવે અને દર્શાવે. આગામી દિવસોમાં નારીની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમસ્યાઓનું સમાધાન જેવા વિષયો પર બનનારી ફિલ્મોનું સ્વાગત થશે, તેમાં લાભ પણ મળશે અને નિર્માતાઓને સમાજ નિર્માણમાં યોગદાન આપવાનું શ્રેય પણ મળશે.

સરકારી પ્રચારતંત્ર ખૂબ જ સમૃદ્ધ અને સંપન્ન છે. રેડિયો અને ટેલિવિઝન વગેરેના માધ્યમથી નારીની સમસ્યાઓ તરફ ધ્યાન દોરવા માટે જનમાનસને તૈયાર કરી શકાય છે. જાહેરાતોનો ઉપયોગ વધુમાં વધુ નારી-ઉત્કર્ષનું વાતાવરણ બનાવવા માટે થઈ શકે તો નારી વર્ગને ઘણી રાહત મળી શકે છે.

નારીઓને પુરુષોની જેમ જીવવાનો અધિકાર આપવા માટે ભણેલીગણેલી તથા પ્રતિભાશાળી મહિલાઓએ પ્રયાસ કરવો પડશે. પોતે વકીલ કે પોલીસમાં હોય અથવા ન્યાયાધીશ હોય કે તેમના પતિ કોઈ ઉચ્ચ હોદ્દા પર હોય એવી કોઈ મહિલાઓ, દીન-હીન સ્થિતિવાળી સ્ત્રીઓને સાથ આપે તો અત્યાચારી પુરુષોનું મનોબળ તૂટી શકે છે. તેઓ અત્યાચારી પુરુષોને એવો દંડ અપાવી શકે, કે જેથી બીજી વાર કોઈ નારી પર અત્યાચાર કરવાનું સાહસ ન કરી શકે. કેટલા દુઃખની વાત છે કે જે દેશમાં નારીની પૂજા કરવામાં આવતી હતી, ત્યાં આજે તેને જીવતી સળગાવી દેવામાં આવે છે.

સંસારમાં એવું જોઈ શકાય છે કે નાનો દીપક જ્યારે સળગે છે ત્યારે પવનનો સપાટો તેને હોલવી દે છે, જ્યારે ક્યાંક આગ લાગી હોય અને એ વખતે આંધી આવે તો અગ્નિ પ્રચંડ બની જાય છે. એટલા માટે દેશની જાગૃત બહેનો ! આગળ વધો અને પોતાની જવાબદારી સમજો. પ્રકૃતિનો એ જ નિયમ છે કે તે દુર્બળનો વિનાશ કરી દે છે અને સબળને મદદ કરે છે. એટલા માટે તમે પોતે સમર્થ બનીને પતિત, અસહાય બહેનોને સહારો આપો, એ જ સમયનો પોકાર છે. પોતાની જાતને ઓળખો અને પોતાની શક્તિઓને જગાડો !



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# યુગનિર્માણ યોજના

## ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

## નારી જાગરણ આંદોલનનો સંકલ્પ-પત્ર

મેં નારી જાગરણ આંદોલનના સમસ્ત વીસ કાર્યક્રમોને સારી રીતે બે વાર વાંચી/સાંભળીને સમજી લીધા છે. મને આ કાર્યક્રમોમાં સાચી નિષ્ઠા છે. હું મારા ક્ષેત્રમાં મારી સહયોગી બહેનોનું સંગઠન તૈયાર કરીશ અને નીચે પ્રમાણેના કાર્યક્રમોને પોતાના સંગઠન દ્વારા અવશ્ય ચલાવીશ. મારો આ સંકલ્પ-પત્ર ઋષિયુગ્મના પ્રતીક પ્રખર પ્રજ્ઞા-સજલ શ્રદ્ધા પર સમર્પિત કરી દેવામાં આવે. હું ઋષિસત્તાને ખાતરી આપું છું કે નીચેના કાર્યક્રમો પૂર્ણ શ્રદ્ધા-નિષ્ઠા સાથે ચલાવીશ.

૧.

૨.

૩.

૪.

૫.

૬.

૭.

૮.

૯.

૧૦.

અહીંથી કાપીને ભરીને યુગનિર્માણ યોજના, મથુરા-૩ના સરનામે મોકલવું.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પરિચય-વિવરણ

નામ કુ./શ્રીમતી ______________________________

પતિ/પિતાનું નામ શ્રી ______________________________

ઘર નંબર. :- ______________________________

શેરી :- ______________________________

ગામ :- ______________________________

પોસ્ટ :- ______________________________

તાલુકો :- ______________________________

જિલ્લો :- ______________________________

રાજ્ય :- ______________________________

પીન કોડ :- ______________________________

ફોન નં. :- ______________________________

શિક્ષણ :- ______________________________

વ્યવસાય :- ______________________________

જન્મ તિથિ :- ______________ લગ્ન તિથિ :- ______________

મિશનમાં ક્યારથી જોડાયા છો ?:- ______________________________

અત્યાર સુધી કરેલ કાર્યોનું વિવરણ :- ______________________________

______________________________

______________________________

______________________________

મુદ્રક— યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org